

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ





## સમસ્ત જ્ઞાતિને બરછી પરિવારના નૂતન વર્ષાભિનંદન


**નવું સરનામું નોંધી લેશોજી.**

**બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,**

**કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.**

ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com



વર્ષ : ૪૮ • અંક - ૩/૪

ઓક્ટો./નવેમ્બર : ૨૦૧૧

તંત્રી સ્થાનેથી...

સમસ્ત જ્ઞાતિને નૂતન વર્ષ સુખ-સમૃદ્ધિ સાથે શાંતિ ને સંતોષ બક્ષનાર, નિરામય અને પ્રગતિકર નિવડો તેવી બરછી પરિવારની શુભકામના..જે માટે સાંપ્રત સમયની અનેક કસોટીઓમાંથી પાર ઉતરવાની આપણને સૌને ઈશ્વર શકિત પ્રદાન કરતો રહે તેવી પ્રાર્થના...

બરછીના આ દીપોત્સવી અંકને જીવનમાં ઉપયોગીતા મૂલ્ય આધારીત સૌને પસંદ પડે તેવા લેખો, કાવ્યો, લઘુકથા જેવી વિવિધ સામગ્રી માંથી વાંચનનો રસથાળ તૈયાર કરવા પ્રયત્ન કરેલ છે. તેથી અન્ય ઘણી કૃતિઓને સ્થાન આપી શકાયેલ નથી દરગુજર સાથે કેટલીક કૃતિઓને યથાવકાશે પ્રકાશિત કરીશું. સાહિત્યવારસો જીવંત રાખનાર દરેક લેખકબંધુઓનો આભાર. વિજ્ઞાપન દાતાઓના સહકારની સાભાર નોંધ સાથે જણાવીએ કે આ અંકને અકૂંર ધોળકિયાએ દીપોત્સવને અનુરૂપ તૈયાર કરેલ ટાઈટલ ડીઝાઈનથી 'કલરફુલ' બનાવેલ છે.આપનો પ્રતિભાવ આવકાર્ય છે.

વેબસાઈટ ઉપર બરછી વાંચી રહેલ જ્ઞાતિજનો,

જ્ઞાતિજનો ઠેર ઠેર નિવાસ કરી રહયા છે - વિસ્તરતા જાય છે ત્યારે આજે ઘણા જ્ઞાતિજનોને બરછી અંગેની જાણકારી ન હોય તેમ પણ બને..તેમાંના આપ પણ હો...તેથી સૌને માહિતી મળે તેનો લાભ અમને અને સૌને મળે તે હેતુથી ઓકટોબર-નવેમ્બરનો આ દીપોત્સવી અંક વેબસાઈટ ઉપર મૂકી રહયા છીએ. આપ કલમ કડછી બરછીના ગ્રાહક બની લગ્નવિષયક જાહેરાત માટે કાર્યાલયે ફોન કરી શકો છો.

**વિશેષ માહિતી માટે ૦૨૮૧- ૨૪૫૩૦૬૩ અથવા મો. નં. ૯૪૨૮૭ ૦૦૧૦૫ ઉપર સંપર્ક સાધવા વિ. -વિરેન શાં.ધોળકિયા-તંત્રી**


**ફાઈન આર્ટ પ્રિન્ટર્સ પાઠવે છે...**

સાલ મુબારક

નૂતન વર્ષ સમસ્ત જ્ઞાતિને સુખપ્રદ લાભપ્રદ અને નિરામય નિવડો તેવી શુભકામના...

- કંકોત્રી - વીઝીટીંગ કાર્ડ
- લેટરપેડ - બીલબુક

**કોઈપણ પ્રકારની ઓફિસ સ્ટેશનરીના સ્ક્રીન તેમજ ઓફસેટ પ્રિન્ટીંગ માટે**

સંપર્ક કરો : (ઓનલાઇન પ્રુફની સુવિધા)

**-: ફાઈન આર્ટ પ્રિન્ટર્સ :-**

કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩


હરી આનંદ ટ્રસ્ટમાં અનુદાન આપીને આપ પણ સેવાના કાર્યમાં સહભાગી થઈ શકો છો..

**ટ્રસ્ટના ધ્યેય...** શૈક્ષણિક સહાય - તબીબી સહાય - વૃદ્ધો અને અપંગોને સહાય

**ટ્રસ્ટની હાલની પ્રવૃત્તિઓ...**

કેન્સરના બાળ દર્દીને - ડાયાલીસીસ વાળા દર્દીને મદદ - જરૂરીયાદમંદ વિદ્યાર્થી અને વૃધ્ધોને સહાય.અનુદાન આયકર અધિનિયમ ૮૦જી હેઠળ કર રાહતને પાત્ર છે.

વડોદરા ખાતે દર્દી માટે સહાયક સાધનો જેવાંકે કમોડ વ્હીલચેર વોકર વોકીંગ સ્ટીક ઉપલબ્ધ છે.

સંપર્ક : હરી આનંદ ટ્રસ્ટ ૨૧/એ બકુલ પાર્ક ગોરવા, વડોદરા - ૩૯૦ ૦૧૬

પ્રમુખ : શ્રીમતી મીનાક્ષીબેન માંકડ ફોન : ૦૨૬૫-૨૩૩૯૭૧૧ મંત્રી : અશોક અંજારીયા ૦૨૬૫-૨૩૯૫૭૦૫/૯૮૨૫૧૧૮૭૦૫

email : harianandtrust@gmail.com

## નવ એકડા

કોરી પાટી છે પ્રભુ મારી......તું એકડો ઘુંટાવજે.
પ્રથમ છે એકડો શ્રી રામના તે નામનો,
આદર્શ જીવન બનાવજે.............તું એકડો ઘુંટાવજે.
બીજો તે એકડો સંતોની સેવા,
વંદન ગુરુનું કરાવજે................તું એકડો ઘુંટાવજે.
સેવા મા-બાપની એકડો છે ત્રીજો,
બંધુ-ભગિની સમાજનો એકડો ચોથો ઘુંટાવજે..કોરી પાટી
દાંપત્યજીવન નો એકડો છે પાંચમો,
સંતાનો પ્રત્યેનો ભાવ એકડો છઠઠો ઘુંટાવજે......કોરી પાટી
નીતિમતાનો અંક તું સાતમો રાખજે,
દેશ અને દુનિયાને કાજ એકડો આઠમો ઘુંટાવજે..કોરી પાટી
ભકિત ને ભાવના જીવનમાં રાખજે,
તારામાં રાખું વિશ્વાસ એકડો નવમો ઘુંટાવજે...કોરી પાટી
'મનહર'ને એકડો ત્યારે સમજાશે
જીવન સફળતા ત્યારે સમજાશે
મીંડાથી મળશે આ મોક્ષ,
જો એકડો સાચો ઘુંટાશે........................કોરી પાટી.

**-મનહર વૈષ્ણવ, રાજકોટ.**

## અમે હાટકેશજન

અમે હાટકેશજન પ્યારા પ્રભુને
એની મગરુરી છે....
પછી કયાં કોઈ ઓળખ જરૂરી છે ?
શિષ્ટ ભાષા અને વિવેક અમારો
સમાજમાં વખણાય છે.
વાત ભલે હો અટપટી પણ
તુરંત સૌને સમજાય છે...
પછી કયાં કોઈ મોટપ જરૂરી છે.
અતૂટ શ્રધ્ધા ઈષ્ટદેવ પ્રતિ ને
વડીલોનું સન્માન
બીજ સંસ્કારતણું પારણામાં જ
રોપાય છે....
વિવેક કર્મ નિષ્ઠા સહ ઈમાનદારી
હરનાગરજનમાં દેખાય છે
પછી કયાં કોઈ ચાપલુસી જરૂરી છે.
પૂજાપાઠ નિત્ય સંગ પમરાટ
સૌ હાટકેશજનમાં અનુભવાય છે
નરસિંહ તણા પ્રભાતિયાં પ્રત્યેક ઘરમાં
રોજ રોજ પડઘાય છે
પછી કયાં કોઈ મજબૂરી જરૂરી છે ?

**- પ્રકાશ દિ. હાથી**

## સ્તવન ત્રિવેણી

કિરતારે કાયા કાચી માટીની કીધી
સતકર્મોથી તે કંચન થાય
કુકર્મોથી કથિર બની જાય
ઓમ નમ શિવાય ઓમ શિવાય
કિરતારે કોટિ ખજાનો આપ્યો
દાન ધર્મથી તે બને ઉજળો
ભોગ વિલાસ થી કંકર ઢગલો
મનવા નિસદિન સીતારામ ભજલો
કિરતારે કુટુંબ કબીલ આપ્યો
સત્યમ શિવમ સુંદરમથી બને મંદિર
કલહ કુંસંપથી કંટકમય બંજર
નિસદિન ભજલે શ્યામ સુંદર.

**- અવિનાશ ભાસ્કર જોષીપુરા, રાજકોટ.**

## ચહેરો

વાંચુ ચહેરો એક પુસ્તક રૂપે
ભાસે ફકરો -દ્વારે દસ્તક રૂપે
નયનો કેરી નજર ફરફરે
ઉઠે સ્વની વાત સ્વહસ્તક રૂપે
છૂપું રાખ્યું કંઈ છૂપું રહેતું નથી
ખુદ વાર્તા પ્રગટે મુકતક રૂપે
ચહેરો વાંચે મન પ્રદેશ ઉઘડે
મન તો ઉઠે બોલી "સ્વગત"રૂપે
આદતો વ્યવહારો ઉડે દિશા ચોમેર
કોઈ જીવે સંગાથે કે કો વિરકત રૂપે

**- જસ્મીનભાઈ જે. દેસાઈ,રાજકોટ.**

## ચાલો એક ડગ આગળ ભરીએ

શ્રધ્ધા દીપ અંતરમાં પ્રગટાવી,
ચાલો એક ડગ આગળ ભરીએ.
ઉરથી સ્નેહના સૂર વહાવી,
ચાલો એક ડગ આગળ ભરીએ.
થયેલ ભૂલોની ક્ષમા યાચીને,
ગંગા ઉરની વિશુધ્ધ કરીએ.
સમર્પણમાં જ સાત્વિક આનંદ છે,
એ વિમલ વિચાર કાર્યાન્વિત કરીએ.
દીપ કોડિયાનો કંઈક કહેવા તલપે,
એનો મંગળ સંદેશ ચરિતાર્થ કરીએ.
નિષ્કામ જીવન એ જ જીવન 'અંશુ'
એ ગીતા સંદેશને સાર્થક કરીએ.
ભર્યા બહુ જિંદગીમાં વર્ષો,
હવે વર્ષોમાં રોજ જિંદગી ભરીએ.
બહુ બહુ લખ્યા બેનામી ચોપડા,
હવે એક પાન અંતરનું સાત્વિક લખીએ.
ચાલો ભસ્મ કરીએ રાગદ્વેષને,
હવે માનવીમાંથી સુમાનવ બનીએ.
મહાન ભેટ ગણો પ્રભુની આ જિંદગી,
બુરાઈ સમજી શ્રી હાટકેશ ચરણે ધરીએ.
અર્પી નૂતનવર્ષના વંદન સૌને,
'પ્રેરણાશું' જીવન પરમ પલ્લવિત કરીએ.
ચાલો એક ડગ આગળ ભરીએ.

– મહેશ દેસાઈ (પ્રેરણાંશુ) રાજકોટ

## જીવન

જીવનની નિરાશા ખંખેરી તો જો
આશાના ખુલેલા બારણા તો જો
જીવનમાં મુશ્કેલીનો સામનો કરી તો જો
હિંમતથી રસ્તે ચાલી તો જો
સંબંધોની સરિતામાં મહાલી તો જો
પ્રેમના હલેસે તેને તારી તો જો
જીવનની ફરિયાદ ને બદલે
ફરી યાદ કરે તેવું જીવી તો જો
જીવન તો છે પ્રભુની પ્રસાદી
હરખેથી તું જીવી તો જો

– કેતકી જયેન્દ્રભાઈ દેસાઈ (મહુવા)

---

## પારેવડું(કન્યા) પિયુને પંથે ચાલ્યું

પારેવડું દિન-પ્રતિદિન વધતું ને વધતું ચાલ્યું,
માતા-પિતાના અમીરસનું પાન કરતું
આજે યુવાવસ્થાને આંબવા ચાલ્યું ....પારેવડું
આ પારેવડાને પાંખો ફૂટી છે આજે,
એ પાંખોને પિયુ સંગ પ્રસારતું ચાલ્યું,
આજે વધતું ને ખસતું –
-પિયુના ઘર તરફ ચાલ્યું ......પારેવડું
એ પારેવડાની પાંખોમાં –
શુભેચ્છાઓનું બળ ભરીએ,
ને વળી શુભાશિષોના રંગેથી રંગીએ,
એને સપ્તપદીની સમજણ આપીએ ....પારેવડું

– મુનીભાઈ પી. વસાવડા, (જુનાગઢ)

**વિચાર મંથન**

# પારિવારિક સંબંધો શાથી કરમાયા ?

નાગર જ્ઞાતિ વિદ્વાન, વિચક્ષણ, ચિંતક, મુત્સદી ગણાય છે. બધા જ ક્ષેત્રોમાં નાગરો આગળ છે,એક ક્ષેત્ર એવું છે કે જેમાં પાછળ રહી ગયા હોય તેવું ભાસે છે. અને તે છે પારિવારિક સંબંધો. નવાઈ એ લાગે છે કે શા માટે પારિવારિક સંબંધોમાં પંગુતા આવી છે? શું વિભકત કુટુંબો વધી રહયા છે એ કારણ છે? આજે કુટુંબમાં ભાઈ-બહેન, કાકો-ભત્રીજો, મામો-ભાણેજ, નણંદ-ભોજાઈ કે દેરાણી-જેઠાણી કે ભાઈ-ભાઈ બધા જ સંબંધોમાં પૂર્ણવિરામ કેમ મુકાતું જાય છે ? અત્યારે ટેલીફોન, મોબાઈલ, ઈન્ટરનેટ કે અન્ય સગવડતાઓ સંબંધો સ્થાપવાની કે સ્થપાયેલા સંબંધોને જાળવવાની થઈ ગઈ છે. વીજળીક ક્રાન્તિ આવી છે પરંતુ સંબંધો ભુંસાતા જાયછે, દૂર છતાં નજીક અને નજીક છતાં દૂર ની લાગણી અનુભવાય છે આજે ઘણી જગ્યાએ વરના કે કન્યાના લગ્ન હોય છે ત્યાં વર કે કન્યાનો સગો કાકો ,મામો માસી કે ફઈ દેખાતા નથી,કેટલાક લોકો તો કંકોત્રી પણ મોકલતા નથી અને રૂબરૂ કે ફોનથી આમંત્રણ પણ આપતા નથી એક જમાનો હતો કે લગ્ન પ્રસંગે બધા એકઠા થતા ત્યારે જ વર કન્યાની શોધ થઈ જતી,આજે એવું તે શું બની રહયું છે કે રસ્તામાં કે પ્રસંગે ભેગા થનાર પોતાના આત્મજન એકમેકથી દૂર ભાગે છે. એ સામું પણ જોતા નથી,કળયુગ રંગ લાગ્યો છે કે શું ? દરેકના મન ખાટા થયા છે કે ઈર્ષ્યા વધતી જાય છે ? પ્રાચીન સમયમાં સંયુકત કુટુંબોની ભાવના હતી તે ભુંસાતી જાય છે તેનો વાંધો નથી પણ વિભકત થયા પછી પણ સંબંધોનો ભાગાકાર શાથી થાય છે? સંબંધોનો સરવાળો અને ગુણાકાર હવે કાળની ગરતામાં ધકેલાતાં જતા હોય તેવું લાગી રહયું છે અને અનુભવાઈ રહયું છે.વ્યકિતને પોતાની પેઢીના દાદા, વડદાદા કે પરદાદાની ખબર હોતી નથી આ તો ઠીક પણ પોતાના જ કે પોતાના માતા પિતાના માસીયાઈ ભાઈબહેનો ફઈ કાકા કે મામાના સંતાનોની ઓળખ આપવી પડે છે. 'ફેઈસબુક' પર મળનાર વ્યકિતઓ જયારે ફેઈસ ટુ ફેઈસ મળે છે ત્યારે પણ સાચી ઓળખાણ તો પડતી જ નથી,આવી પરિસ્થિતિ શાથી પેદા થઈ ? કેમ વિકાસ પામી હવે શું થશે તેની કલ્પના જ અકળાવી મુકે છે. કૌટુંબિક કે પારીવારીક સંબંધોમાં આવેલ ઉણપ કે ઓછપ લાંછનરૂપ તથા શરમજનક છે. સ્નેહના તાંતણા તૂટતા જાય છે સગાની સગાઈ સુકાતી જાય છે, પારીવારીક સંબંધો કલુષિત થતા જાય છે આજનો આ યક્ષપ્રશ્ન છે,બદલતા સમયના સમીકરણો ઝડપથી સુધરે તેવું દેખાતું નથી, આવા સંજોગોમાં જ્ઞાતિના સુજ્ઞલોકો,યુવાનો,વૃધ્ધો વડીલો ,મહિલાઓ બધા જ ગંભીરતાથી વિચારે તે આજના સમયની માંગ છે.

**- બી.એસ. અંજારિયા, રાજકોટ**

# વૈષ્ણવજન તો તેને રે - an assignment

નરસિંહ મહેતાનું નામ સ્મરણ થતાં જ કયો નાગર ભાવુક નહીં થઈ જતો હોય ? નરસિંહ આપણી જ્ઞાતિના જ હતા એટલી હકીકતથી પણ આપણે કેવા ગૌરવનો અનુભવ કરીએ છીએ. તપ પ્રયાણ જયંતિ, હારમાળા જયંતિ, કે જન્મજયંતિ આપણે ઉજવતા રહીએ છીએ તો વળી આપણા જ્ઞાતિ સમારોહ કે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નરસિંહગાન સાથે નરસિંહ મહેતાની છબિ પણ અચૂક હોય જ છે....પત્યું ?!

નરસિંહ મહેતાના સમગ્રજીવન કે તેના કોઈ અંશને વિષય બનાવી કેટલીય ફિલ્મો અને થોડી ટીવી સિરિયલ પણ આવી ગઈ તે બધાની ગુણવતા કે તેમાં રહી ગયેલ હકીકત દોષ જેવા કેટલાય મુદ્દાઓ છે પણ અત્રે એ ચર્ચા અસ્થાને છે....

મૂળ વાત.."ગાંધી સવાસો" નું વર્ષ ઉજવાઈ રહયું હતું જીનીવા ખાતે આ નિમિતે યોજાઈ રહેલ પ્રવચન માળાનું ઉદઘાટન સંબોધન ભારતના તત્કાલિન વડાપ્રધાન સ્વ. નરસિંહરાવ જીનીવા ખાતે કરવાના હતા ,સમારંભ સ્થળે હોલમાં નરસિંહરાવના પ્રવેશ સમયે જ સ્વરકોકિલા લતા મંગેશકરના સ્વરમાં "વૈષ્ણવજન તો તેને રે કહીએ" ગવાતું હતું. વાત આટલેથી જ અટકતી નથી, નરસિંહરાવે પોતાના સંબોધનની શરૂઆતની પાંચ થી છ મિનિટ સુધી "વૈષ્ણવજન"ની પરિભાષા વ્યાખ્યા સમજાવવા માટે જ ફાળવેલી. જાણે કે આટલા વર્ષો –સૈકાઓ બાદ નરસિંહ મહેતાની મહેનત ફળી હતી. આજે (તે દિવસે) જ્ઞાતિ સમારોહ કે પટાંગણોમાં ચર્ચા છે કે,ગવાઈ ને ગૂંગળાતો નરસિંહ ગ્લોબલ બન્યો હતો. ગાંધી કાર્યો પૈકી આને પણ એક ઉમદા કાર્ય ન ગણી કશાય ?

ચૈન્નઈ રેલ્વે સ્ટેશન પર પણ આવું જ એક સુખદ આશ્ચર્ય મેં અનુંભવેલ. ચેન્નઈથી અમદાવાદ આવતી નવજીવન એકસપ્રેસ તેના નિર્ધારિત પ્લેટફોર્મ પર મુકાવા લાગતાની સાથે જ તે પ્લેટફોર્મના લાઉડસ્પીકરમાંથી "વૈષ્ણવજન.."ની સંગીતમય સૂરાવલિઓ શરૂ થઈ. વચ્ચે વચ્ચે જરૂરી સૂચનાઓ એનાઉસમેન્ટ સાથે સાથે તે ધૂન ટ્રેઈન ઉપડી ત્યાં સુધી વાગતી રહી. આ અનુભવ ૨૦-૨૨ વર્ષ પહેલાનો છે. આજે ત્યાં શું સ્થિતિ હશે તે કોઈ અનુભવી જ જાણે...ખૈર....

'વૈષ્ણવ જન'ના આટલા વ્યાપક અને સુખદ આશ્ચર્ય પમાડે તેવી સ્વીકૃતિની વાત વાંચી સાંભળી કે અનુભવી થોડીવાર ગૌરવ અનુભવી લેશું...બસ? પત્યું ? ના જરાપણ નહીં, અહીંથી જ તો આપણે નરસિંહ વિચારને ઉંચકી ઉપાડી લેવાનો છે. The real assignment lies here.

દેશના લગભગ બધા જ અગ્રગણ્ય ગાયકોએ "વૈષ્ણવજન "ગાયું છે. હજુ પણ ભાવપૂર્વક ગવાતું રહેશે પણ નરસિંહની પેલી મૂળ મહેનતનું શું ?

"વૈષ્ણવજન" શબ્દમાં "વિશ્વજન" જેવો રણકો સંભળાય છે આવું સંભળાય ત્યારે નરસિંહ ના આત્માનો અવાજ સાંભળ્યાનો સંતોષ લઈ શકાય. નરસિંહને પણ કદાચ "વિશ્વજન" શબ્દ જ અભિપ્રેત હશે. સ્વ. નરસિંહરાવ કે ગાંધીજી જેવા માટે નરસિંહનું આ ચિંતન "ગ્લોબલ" જ છે, ગાંધીની વૈશ્વિક સ્વીકૃતિ સરવાળે તો નરસિંહની જ સ્વીકૃતિ છે.

નરસિંહને "નાત બહાર" મુકવાની ઘટના મારા મતે તો તત્કાલિન જ્ઞાતિબંધુઓની દૂરંદેશી કે વિચક્ષણતાની નીપજ જ માનવાનું મન થાય છે. નરસિંહ વિચારનું global potentialતેઓ

પામી ગયા હશે અને થયું હશે કે નરસિંહ 'કુવાનો દેડકો' બની રહેશે અને વિશ્વ મહાકાય સામુદ્રિક જળચરના 'દર્શન'થી વંચિત રહી જશે. ..કરો 'નાત બહાર..' તે તરી જશે ને તારી પણ જશે..પણ કયાં ? શું થયું ? કયાં અટકયું? કે નરસિંહ વિચારને છે ક ગાંધી અવતરણ સુધી રાહ જોવી પડી ને અંતે ગાંધીજી નામના 'આકર્ષક પેકીંગ' માં લપેટાઈ જીનીવા સુધી પહોંચવાનું બન્યું, ખૈર.. જે હોય તે.

'વૈષ્ણવજન'માટે જે કોઈ ગુણો -વ્યવહારોનું listing થયું છે તે તરફ વળીએ અને વાળ ીએ. ગાવા કે પ્રવચનોથી કયારેય કયાં કશું નિપજયું છે ! ગાંધીજી કહેતા તેમ " મારૂં જીવન એ જ મારો સંદેશ" એવું જીવન જીવાય તો દીવાદાંડીનું કામ થાય. કૂળ એકોતેર તારવાની ખેવના જયારે નરસિંહની પ્રાર્થના બની પછી આપણે તો safe થઈ ગયા ને ? પરંતુ બોંતેરમાં કૂળથી લઈને આગળ ઉપર શું ? અરે,બીજા એકોતેર નહીં તો બે,ત્રણ કે ચાર કૂળ તારવા તો મથી જ શકીએ ને? Shell we ? I repeat," વૈષ્ણવજન તો તેને રે ''': is an assignment ...Is'nt it ??

– યોગેશ અવાશિયા, (નિવૃત્ત પ્રાધ્યાપક – ભાવનગર)

---

# ગૌરવ

એક સમયના ગણનાપાત્ર અધિકારી દીપકભાઈને બે દીકરા હતા.તેમની ઈચ્છા થાય ત્યાં તેઓ રહેતા હતા, દીકરાઓના ઘરે જાય પણ કોઈને કશું કહે નહીં, રોકટોક કરે નહીં,બજારમાં જાય જરૂરી સામાન લઈ આવે ને બનતી મદદ પણ કરે.

આ વખતે દીપકભાઈ મોટા દીકરાને ત્યાં આવ્યા ત્યારે તેમણે જોયું કે પૌત્ર ગૌરવ માટે મા-બાપ ને સમય ન હતો,પૈસાથી ખરીદાતી તમામ વસ્તુ ઘરમાં જરૂરિયાતથી પણ વધારે હાજર હતી. સ્વલક્ષી જીવન જીવાતું હતું.પણ ગૌરવને બાળપણથી જ આપવા જરૂરી સંસ્કાર જેમકે અન્યની મદદ કરવી, સમજાવટથી સમજવું, સહકારથી રહેવું વગેરેનો અભાવ હતો અને મમ્મી-પપ્પાની ગૌરવ ઉપરની ફરિયાદો ઘણી હતી. ગૌરવની જીદ કે તોફાન પર તેઓ વ્યથિત હતા. દીપકભાઈને આ જોઈ ખૂબ દુઃખ થયું,તેઓ સમજી ગયા કે આ વાત બોલવા કહેવાથી નહીં સુધરે. તેઓ ધીમે ધીમે ગૌરવને પોતાની સાથે રાખવા લાગ્યા. ઘરની વધારાની વસ્તુમાંથી જરૂરિયાતવાળાને મદદ કરતા. ગૌરવને પણ તેના કંપાસ, ગેઈમ,રમકડાના ખજાનામાંથી ઘરમાં કામ કરતા નોકરના બાળકને થોડું આપવા કહેતા. નબળી પરિસ્થિતિવાળા લોકોનું જીવન બતાવ્યું.

આમ ઘણા પ્રયત્નો બાદ તેમને થયું કે હવે ગૌરવ સુધરશે પણ, દીવાળીની રજાની હાશ અનુભવતા મમ્મી-પપ્પા આગળ ગૌરવે જીદ કરી ફટાકડા, કપડાની મોટી ખરીદી કરવા બહાર લઈ જવાની જીદ કરી ત્યારે તેમને થયું કે એમની બધી સમજાવટ પાણીમાં ગઈ. મમ્મી-પપ્પા પણ ગૌરવને ધમકાવવા લાગ્યા અને અંતે તેની આગળ ઝુકી તેને બહાર લઈ ગયા ત્યારે ગૌરવ તેમને નજીક ની ઝુંપડપટ્ટી આગળ લઈ ગયો અને ત્યાંના બાળકોને રમકડાં, ફટાકડા અને કપડાં આપી દીવાળીની ઉજવણી કરી ત્યારે મમ્મી-પપ્પા અને દાદા દીપકભાઈના દિલમાં પ્રેમના 'દીપક'થયા અને ગૌરવ ઉપર 'ગૌરવ' થયું.

– રેખા હિરેન ઓઝા, રાજકોટ.

# શૈક્ષણિક જાગૃતિ

આજે વ્યકિતગત,સામાજીક અને રાષ્ટ્રીય જીવનમાંથી ચારિત્ર્ય નો લોપ થયેલો સ્પષ્ટ દેખાય છે. કારણ શિક્ષણ જગત ઉપર રાજકારણીઓની પકકડ ગ્રહણરૂપ છે. એ તો સ્પષ્ટ છે કે અનાજ ઓછું પડે તો વિદેશથી મંગાવી શકાય પરંતુ ચારિત્ર્ય, સંસ્કાર અને સંસ્કૃતિ વિદેશથી મંગાવી શકાતી નથી. ચારિત્ર્ય નિર્માણ કરે તેવું આદર્શ ચિત્ર આજે સમાજમાં કયાંય દેખાતું નથી.

દેશમાં શાસન અને પ્રશાસન નું ચિત્ર તો ખુબ જ વિચિત્ર છે. આપણા નેતાઓનો પ્રજાજનો ઉપર પ્રભાવ કે દબાવ પણ નથી. દેશદાઝ કયાંય દેખાતી નથી,નર્યા સ્વાર્થ સિવાય ચારે તરફ કશું દેખાતું નથી. છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં અસંખ્ય યુનિવર્સિટીઓ સ્થાપી પરંતુ શિક્ષણ સુધારણાના અવનવા ફતવા નિરર્થક નીવડેલા છે.અવનવા અખતરાઓ ફકત શિક્ષણ જગત સાથે જ થાય છે કારણ શિક્ષણમાં મોટો સમુદાય બાળકો અને યુવાનો છે તેથી પ્રતિકાર જલ્દી અને જલદ શકય નથી. પરિણામ સ્વરૂપ ખાનગી શાળાઓ,કોલેજો બિલાડીના ટોપ માફક ફૂટી નીકળ્યા છે. પરિણામે સારા ,સાચા,સંનિષ્ઠ શિક્ષકો મળતા નથી. કારણ તેઓની નોકરી જોખમાય છે,પરિણામે શિક્ષકોએ ખાનગી ટયુશનો કરવાનો વળાંક પકડયો જેથી શાળા,કોલેજોમાં ભણતરનું સ્તર કથળવા લાગ્યું.

જીંદગીની શરૂઆતમાં જ બાળકને માણસ બનાવવવાની કેળવણી દ્વારા જ સમજણ નો સેતુ વિકસાવનારી શિક્ષાપધ્ધતિની આવશ્યકતા એ આજની પરિસ્થિતિમાં અત્યંત જરૂરી જણાય છે. કેળવણીનો ઉદ્દેશ્ય કેવળ 'ઈન્ફરમેશન' નહીં પણ 'ફોર્મેશન' છે, તે ભૂલવું જોઈએ નહી. એક વખત ભગવાન બુધ્ધને કોઈ એ પૂછેલા પ્રશ્નના જવાબમાં તેઓએ કહયું હતું કે તેઓ માણસોના મનને તપના હળ વડે ખેડી, સદ્‌વિચારોની વાવણી કરી સત્કર્મોના મબલખ પાક લણી રહયા છે પરંતુ આજનું શિક્ષણ એ નાના ભૂલકાં ઉપર એક પ્રકારના બોજ રૂપ છે. આપણે જયારે નાના બાળકોને વજનદાર દફતરો ઉંચકીને મજૂરની જેમ જતા જોઈએ છીએ ત્યારે જાણે બાળકના ચહેરા ઉપરનું સ્મિત કયાંક ખોવાઈ ગયું લાગે છે. આપણા શિક્ષણશાસ્ત્રીઓને બાળકનું બાળ પણ છીનવી લેવાનો અધિકાર કોણે આપ્યો? આ પ્રશ્ન અનુત્તર રહેલો છે અને રહેશે.

આપણા ભૂતપુર્વ રાષ્ટ્રપતિ, પ્રખ્યાત વૈજ્ઞાનિક માનનીય શ્રી અબ્દુલ કલામજીએ તેમના પુસ્તક "ઈગ્નીટેડ માઈન્ડસ"(ignited minds) માં ભારપૂર્વક જણાવ્યું છે કે જો મા-બાપ ,શિક્ષક અને શિક્ષણશાસ્ત્રીઓ એક થઈ શિક્ષણની નવી તરાહ વિશે કાર્ય કરે તો જરૂરથી શિક્ષણની પધ્ધતિ બદલી શકાય. પરંતુ આપણે આજની તનાવભરી શિક્ષણ પધ્ધતિને વખોડીએ છીએ જરૂર પરંતુ ચલાવે રાખીએ છીએ.સમાજ ધારે તે કરી શકે છે,કલામસાહેબ કહે છે કે બાળક એ ચાવી દીધેલ રમકડું નથી, બાળકને યોગ્ય બાળઉછેર સાથે મનગમતી પ્રવૃતિમાં પ્રોત્સાહિત કરીએ તો પધ્ધિતિ જરૂર ક્રમે ક્રમે બદલાશે. કલામજી કહે છે કે જો માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર નહીં કરીએ તો મન વખાર જેવું બની જશે.

આપણે જાણીએ છીએ કે તા.૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર ભારતમાં શિક્ષકદિન તરીકે

ધામધૂમથી ઉજવાઈ છે. જે આપણા ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ભારતરત્ન શ્રી ડો.રાધાકૃષ્ણનનો જન્મદિન છે. શ્રી રાધાકૃષ્ણનને વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ પુસ્તકો પ્રત્યે અનહદ પ્રેમ હતો. તેઓ ગ્રંથને જ પોતાના ગુરૂ માનતા હતા. તેઓના મતે સદ્‌ગ્રંથોના વાંચનથી નવી પેઢી વંચિત થઈ રહી છે ત્યારે ગ્રંથવાંચનના પંથે દોરી જવાનું કાર્ય તથા જવાબદારી આપણા શિક્ષકોની છે. ડો. રાધાકૃષ્ણનના મતે શિક્ષકો કરૂણાસાગર, ક્ષમાસાગર,કલ્યાણસાગર હોવા જોઈએ. શિક્ષક કે ગુરૂ તે કેવળ પદ જ નથી પરંતુ પ્રદાનનો અવતાર છે કે જે મન વચન કર્મથી ત્યાગવૃતિને વરેલા હોય તે જરૂરી છે.

લબ્ધપ્રતિષ્ઠિત પુરૂષ સ્વ. શ્રી ઉમાંશકર જોશીના મતે ખરો શિક્ષક એ જ છે જે વર્ગમાં માત્ર જ્ઞાનનાં પોટલા ખોલીને સંતોષ માનતો નથી પરંતુ જ્ઞાન મેળવવાની તથા તેને પચાવવાની પ્રક્રિયા વિદ્યાર્થીઓમાં ગતિમાન કરે છે. સ્વામી વિવેકાનોદજી હરહંમેશ કહેતા કે પ્રત્યેક વ્યકિતમાં જ્ઞાન ગ્રહણ કરવાની શકિત છે જ ફકત તેને યોગ્ય દિશાસૂચન તથા માર્ગદર્શનની જરૂરીયાત છે. તેમના મતે સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકોનું યોગદાન મહત્વપૂર્ણ છે. જેમકે અર્જુનને ઘડવામાં શ્રીકૃષ્ણનો, સ્વામી વિવેકાનંદને ઘડવામાં સ્વામી રામકૃષ્ણપરમહંસનો, શ્રી શિવાજી મહારાજને ઘડવામાં સમર્થ રામદાસજીનો તથા ગાંધીજીને ઘડવામાં શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેનો અમૂલ્ય ફાળો રહેલો હતો.

તેથી જ કહેવાતું કે પહેલાના શિક્ષકો સમાજના જ્યોતિર્ધરો હતા. તેઓની વાણીમાં તેજસ અને ઓજસનો સમન્વય હતો, સત્યનું બળ હતું, સાત્વિકતાનો પ્રકાશ હતો, નિર્ભયતાનું તેજ હતું,સ્વમાન એ તેની શકિત અને વિદ્યાનું આભૂષણ હતું, સંતોષ જીવનનું પરિચાલક બળ હતું, સ્વાધ્યાય જીવનમંત્ર હતો અને તેથી જ તેઓ સમાજ અને રાજયની મહામૂલી સંપતિ ગણાતા જયારે આજે આમાંનું કશું યોગ્યમાત્રામાં દેખાતું નથી. એમ કહેવાય છે કે An ordinary teacher explains,A good teacher demonstrates, great teacher inspires, while a poor teacher tells.

ટૂંકમાં શિક્ષક એટલે શિસ્ત,ક્ષમતા અને કર્તવ્યની મૂર્તિ. શિક્ષક એટલે શિલ (ચારિત્ર) ક્ષમા અને કરૂણા તેથી જ આજે જરૂર છે તેજસ્વી,ધર્મપૂત,કર્મપૂત અને વિદ્યાસમર્પિત શિક્ષકોની.

**- રઘુવીર ન. ખારોડ(અમદાવાદ)**

## આચમન...

- હે પ્રભુ, એટલું કર કે તું પ્રસન્ન થાય એવા સત્કર્મો હું કરૂં.
- ખુશામતિયો એટલે મિત્રના વેશમાં આવેલો ખરાબમાં ખરાબ દુશ્મન.
- જે નથી દેખાતું તે જોવાની કળા તેનું નામ દર્શન.
- અજ્ઞાની માણસ જે ન સમજાય તેના હંમેશા વખાણ કરતો હોય છે.
- જે રામનું નામ લે છે તે રટી રટી ને રામ થઈ જાય છે.
- આપણી જરૂરિયાતો જેટલી ઘટે એટલા આપણે નિર્ભય થઈએ છીએ.
- પ્રેમ એવી ચીજ છે જે દે તેનેય લાભ અને લે તેનેય લાભ.

**- મધુકર પી. માંકડ, જામનગર**

## ધી નાગર વિદ્યોતેજક સહકારી મંડળ લિમિટેડ, મુંબઈ

ટૂંક સમય પહેલાં મળેલ સંસ્થાના ૭૨મા વાર્ષિક અહેવાલમાં દર્શાવ્યા મુજબ કુલ ૫૩ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૩૭,૧૦૦/-ના શિષ્યવૃત્તી પારિતોષીકો આપવામાં આવ્યાં. વર્ષ દરમ્યાન લોન ફંડમાં કુલ રૂા. ૬૯,૬૦૦ મળ્યા. વર્ષ દરમ્યાન નવ સભ્યો નવા શેરધારક થયા. ચાલુ વર્ષના મૂડી દેવામાં કુલ રૂા. ૧૭૩૨૮૦૬ની આવક સામે રૂા. ૯૪૪૮૯/- નો ખર્ચ દર્શાવવામાં આવેલ છે આમ રૂા. ૧૩૨૩૦/-ની પૂરાંત બતાવવામાં આવી છે.

ઓગષ્ટ માસમાં મળેલ સામાન્ય સભામાં શ્રી જ્યોતિશભાઈ જોષીપુરાને બોર્ડ ઓફ ડીરેક્ટર તરીકે કો-ઓપ્ટ કરવામાં આવ્યા. તેઓએ વિદ્યાર્થીઓના લાભાર્થે ઘેર ઘેર ફરી રૂા. ૧,૬૬,૦૦૦ જેવી માતબર રકમ આ લોન ફંડ માટે એકત્રીત કરી ઉમદા ફરજ બજાવી છે. આ મીટીંગમાં સંસ્થા તરફથી રૂપિયા દોઢ લાખની શૈક્ષણિક લોનની રકમ વધારી રૂા. ૨ લાખ કરવામાં આવી. આ શૈક્ષણિક લોન ઉપર પ્રથમ બે વર્ષ ૪% બીજાં બે વર્ષ ૬% અને ત્યારબાદ ૮% વ્યાજ લેવામાં આવે છે. અગાઉની લોનમાંથી રૂા. ૧૨૭૫૧૫/- પરત મળેલ છે.

ખર્ચાળ બનતાં જતાં શિક્ષણમાં જ્ઞાતિજનો માટે 'મીઠી વિરડી'સમાન આ અને આવી સંસ્થાઓ અને તેના નિઃસ્વાર્થી હોદેદારો ધન્યવાદને પાત્ર છે. લોન દ્વારા અભ્યાસ કરી સારી નોકરી મેળવનાર વિદ્યાર્થીઓ ભવિષ્યના અન્ય વિદ્યાર્થીઓ માટે ઉદાત ભાવના રાખી વિરડીનો લોન, શિષ્યવૃત્તી, પારિતોષીકો રૂપી પ્રવાહ સતત વહેતો -ચાલુ-રાખવા અનુદાન કે વાલીઓને સભ્યપદની અપીલ પણ અસ્થાને નહી ગણાય ! (સંકલનના સમયના અભાવે મોડું સ્થાન...દરગુજર)

## દર્શન માંકડ સી.એસ. થયા



રાજકોટ સ્થિત નવનીધરાય માંકડ અને ભાવના વિજયકર માંકડના પુત્ર દર્શન માંકડ ગત જાન્યુઆરી માસમાં સી.એ. થયા બાદ જૂલાઈ માસમાં લેવાયેલ સી.એસ.ની પરીક્ષામાં પણ પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા. ભાઈ દર્શન સંગીત અલંકાર,એમ.પી.એ. (તબલા) તથા સંગીત વિશારદ (ગાયન)ની પદવી મેળવેલ છે. હાલમાં પ્રોફેશનલ ટ્રેઇનર તથા કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે. અભિનંદન સહ ઉજ્જવળ ભાવીની શુભકામના.

## નિહાર દેસાઈનું વધુ એક સાહસ

અમેરીકામાં ૧૨૫૦૦ ફુટની ઉંચાઈએથી છલાંગ લગાવનાર સાહસવીર યુવાન નિહાર દેસાઈએ બીજું સાહસ કર્યુ. તેઓની સુરતથી S.Y.N.IT કોલેજના તેમના ગૃપ 'રેસીંગકાર' બનાવી અને સોસાયટી ઓફ ઓટોમેટીવ એન્જીનીયર્સ દ્વારા આયોજીત ઓલ ઈન્ડિયા કોમ્પીટીશનમાં ભાગ લેવા ચેન્નાઈ જઈ આવ્યા. જેમાં ૪૬ ટીમોએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં તેમના ગૃપે માર્કેટીગમાં પ્રથમ, કોસ્ટમાં દ્વિતીય,આમ સમગ્ર પાસાઓમાં ચોથો ક્રમાંક મેળવી ટ્રોફી ઉપરાંત કુલ ૭૫૦૦૦/- હજારનો રોકડ પુરસ્કાર મેળવ્યો. જેની ચેન્નાઈની ટી વી ચેનલો તથા અખબારોએ બહોળી પ્રસિધ્ધિ આપેલ.

સાહસિક નિહાર દેસાઈ વડોદરાનાં કાશ્મીરાબેન તથા મુકેશભાઈ દેસાઈના પુત્ર અને વડોદરા સ્થિત અરૂણાબેન ગુણવંતરાય દેસાઈના પૌત્ર તથા હર્ષિદાબેન વિનાયકરાય છાયાના દોહિત્ર થાય.

## હાટકેશ વ્યાયામ સંઘનું વાર્ષિક સ્નેહમિલન યોજાયું

૧૯૪૦ અને ૫૦ના દશકમાં રાજકોટ ખાતે કાર્યરત શ્રી હાટકેશ વ્યાયામ સંઘના રાજકોટ-વડોદરા સ્થાયી થયેલ વીરો/વિરાંગનાઓએ આજે પણ વર્ષમાં એકવાર એકઠાં થઈ, સાથે મળી જૂના સંસ્મરણો વાગોળવાની પરંપરા ઘણા વર્ષોથી જાળવી રાખેલ છે. જે મુજબ તા. ૮/૧૦/૧૧ના રોજ શ્રી સતીષ વોરાના નિવાસસ્થાને આ વર્ષનું સ્નેહમિલન યોજવામાં આવેલ. જેમાં ૨૪ સભ્યો જોડાયા હતા.

પ્રારંભમાં જે તે વખતના જૂના ફોટા આલ્બમો માંથી શ્રી સનત વસાવડાએ કરેલ નવીનીકરણ સાથેના ૧૯૦ ફોટાઓ તથા સીડી જોઈ તે સમયમાં સરકી જઈ વાગોળવાનો આનંદ માણ્યો હતો. ૫૦-૬૦ વર્ષ પહેલાના ફોટામાં સૌએ પોતાને ઓળખવાની કોશીષ કરી હતી...શ્રી શાંતિભાઈ ધોળકિયા ખાખી ચડીમાં, શ્રી મનહરભાઈ હાથી બ્રીટીશ સ્ટાઈલના શૂટ તથા હેટ સાથે અને શ્રી હર્ષવંતભાઈ હાથી મેડલ સાથે શિસ્તબધ્ધ રીતે ઉભેલા, લેઝીમ ડંબેલ્સ કે તલવાર સાથેની કવાયત, ટરબન રેઈસ માટે લાંબા કોટ, પેન્ટ સાથે રેઈસની તૈયારીમાં ઉભેલા વડીલો, ટાઈગર જમ્પ કરતા યુવાનો, ૩.૩' રાઈફલની હુબહુ લાકડાના મોડેલની રાઈફલ સાથે જુદી કવાયત કરતા કિશોરો,(આજે કોમ્પ્યુટર ઈન્ડોરગેમથી ટેવાયેલાં આજના બાળકો, કિશોરોને આ સાધનો/રમતો સમજાવવાં પડશે..!! )આગ્રા અજમેર વસાવડ કે રફાળેશ્વરની ટૂરમાં સંસ્થાના સભ્યો. આ બધા અવિસ્મરણીય ફોટા જોઈને તમામે આનંદ સાથે રોમાંચ અનુભવેલ.

ત્યારબાદ તે વખતના સભ્યોએ સાથે મળી ત્યાર જેવી શિયાળુ ઉજાણીમાં જવાનું નકકી કરેલ. રમત ગમત બાદ વ્યાયામ શાળાની પ્રાર્થના ગાઈ હતી. અંતમાં દક્ષિણ ભારતીય વાનગીઓ ઢોસા, ઉત્તપમ,ઈડલી-વડાને ન્યાય આપી સૌ વિખરાયાં હતાં.

## કુ. હેલી વસાવડા



અમદાવાદ સ્થિત જાગૃત દિનેશચંદ્ર વસાવડા તથા રૂપાલી જાગૃત વસાવડાનાં પુત્રી કુ. હેલી વસાવડા (ધો. ૫) અમદાવાદ ખાતે યોજાયેલ ઈન્ટર સ્કૂલ સીંગીંગ કોમ્પીટીશનમાં ભાગ લઈ જુનિયર સોલો સીંગીંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પીયન થતાં ટ્રોફી મેળવી. આ સ્પર્ધામાં ૨૭ શાળાઓ એ ભાગ લીધો હતો. ચિ. હેલી હાલ સંગીતના ત્રીજાં વર્ષમાં અભ્યાસ કરી રહેલ છે.

## કુ. સ્તુતિ ઓઝા કથ્થક નૃત્યમાં રાજ્ય કક્ષાએ પ્રથમ



રાજકોટની વીવીપી એન્જી. કોલેજમાં બી.ઇ.(ઇસી)માં અભ્યાસ કરી રહેલ કુ. સ્તુતિ મનોજભાઈ ઓઝાએ રાજકોટની મારવાડી કોલેજ ખાતે યોજાયેલ જીટીયુ દ્વારા આયોજીત યુવક મહોત્સવમાં કથ્થક નૃત્યની સ્પર્ધામાં સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં પ્રથમ સ્થાન કરી અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના યુવક મહોત્સવમાં પસંદગી પામી સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય સ્થાન મેળવી પરંપરાગત સંગીત ક્ષેત્રે કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

## ભારતીય કલાને શ્રીમતી સોનલ ઓઝાએ પરદેશમાં દીપાવી



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ તેમજ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના નિવૃત્ત પ્રા. અરૂણભાઈ બક્ષી તથા કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયનાં નિવૃત્ત શિક્ષિકા શ્રીમતી સુજ્ઞાબેન બક્ષીનાં પુત્રી સોનલ તુષાર ઓઝા છેલ્લા ૧૭ વર્ષથી અમેરીકાના કોલોરોડા સ્પ્રીંગ શહેરની મેમોરીયલ હોસ્પિટલમાં ફિઝીકલ થેરાપીસ્ટ તરીકે કાર્યરત છે.

તાજેતરમાં કોલોરોડા શહેરની સીટી કાઉન્સીલ દ્વારા સ્થાપિત કલ્ચર એન્ડ ડાયવર્સીટી ફોરમના ઉપક્રમે શહેરના વસતા વિવિધ દેશોની પ્રજાની સંસ્કૃતિને ઝાંખી કરાવતો એક કાર્યક્રમ યોજવામાં આવેલ. ચાઈનીઝ જાપાનીઝ, મેકસીકન,યુરોપીયન તેમજ અમેરીકન નાગરીકો સાથે સાથે શહેરમાં વસતા આશરે ૨૦૦ કુટુંબોના ભારતીય નાગરીકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં એક ભારતીય સ્ટોલનું સંચાલન શ્રીમતી સોનલ ઓઝા અને તેનાં સહેલીએ કર્યું હતું. જેમાં સ્ટોલ ઉપર આવતા વિવિધ દેશોના નાગરીકોને ભારતની રંગોળીની કલા સમજાવી હતી. પેપર ડીશ ઉપર જુદી જુદી ડીઝાઇન કરી રંગો પૂરાવ્યા હતા. આ ઉપરાંત ભારતીય નારીની સાડી પરિધાનની કલા પણ શીખવી હતી. સ્ટોલની મુલાકાત લેનાર સૌને તેઓ દ્વારા બનાવવામાં આવેલ 'પેંડા'ની લ્હાણી કરી મીઠું મોઢું કરાવેલ.જેમાં તેમના માતુશ્રી સુજ્ઞાબેનનો સાથ મળ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન શહેરના સ્થાનિક દૈનિક અખબાર 'ધી ગેઝેટ'ના રીપોર્ટરે સ્ટોલની મુલાકાત લઈ સોનલ ઓઝાનો ઈન્ટરવ્યુ લઈ દૈનિકમાં પ્રસિદ્ધિ આપેલ.જેમાં સોનલ ઓઝાની કલાને બીરદાવી ભારતીય કલા સંસ્કૃતિને પણ બીરદાવવામાં આવેલ. ....ભારતીય કલા-સંસ્કૃતિને પરદેશમાં દીપાવનાર સોનલબેનને અભિનંદન આપવાં ઘટે..

## રાજકોટ ખાતે 'સંસ્કૃતિ' દ્વારા યોજાય ગયો...સૂરીલો કાર્યક્રમ

રાજકોટ ખાતે 'સંસ્કૃતિ' અંતર્ગત 'નાગર નરસૈયા યુથ કલબના ઉપક્રમે તા. ૧૮ સપ્ટે.ના રોજ હેમુ ગઢવી ઓડીટોરીયમ ખાતે શ્રી શ્રી ચૈતન્ય અંજારીયાના સૂરીલા કંઠે ગવાયેલ મોહમ્મદ રફી અને મુકેશના યાદગાર ગીતોનો કાર્યક્રમ યોજાય ગયો. આવકવેરા કમિશ્નર, જોઈન્ટ કમિશ્નર તથા ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનો પ્રારંભ ગણેશ સ્તુતિથી કરાયા બાદ શ્રી ચૈતન્ય અંજારીયાએ રફી-મુકેશના એવરગ્રીન ગીતો રજૂ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા અને ઘણા ગીતોને 'વન્સમોર' મળેલ. જેમાં શૈલેષ પંડયાનાં સંગીત નિર્દેશનનું પણ મહત્વનું યોગદાન રહેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રીમતી દર્પણાબેન તથા પુત્રો શ્રેય તથા ધૌમ્ય તથા ચેતન છાયાનો પણ ફાળો રહેલ. આરજે સુજલ દેસાઈએ શેરો-શાયરી સાથેની પોતાની આગવી રેડીયો શૈલીમાં કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ. મંચ સજ્જા શ્રી કેયુર અંજારીયાએ કરી હતી.

## કુ. મનાલી માંકડ એમ.સી.એ. થયા



જામનગરના સ્વ. તનસુખરાય માંકડ તથા સ્વ. શ્રીમતી જયવિજયાબેન માંકડની પૌત્રી અને મુંબઈના સ્વ. મારૂતિલાલ બુચ તથા શ્રીમતી નીલમબેન બુચનાં દોહિત્રી તે બેંગલોર સ્થિત શ્રીમતી કોકિલાબેન તથા શ્રી જતીન માંકડનાં પુત્રી કુ. મનાલીએ બેંગલોર 'વિશ્વસરૈયા યુનિવર્સિટીમાંથી ૮૦% સાથે એમ.સી.એ.ની માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરી અને કેમ્પસમાંથી અમેરીકન એમએનસી ફીડાલીટીમાં સોફટવેર એન્જીનીયર તરીકે જોડાયાં.

॥ જય હાટકેશ ॥

શિક્ષણ............ સંસ્કાર............. સિદ્ધિ

દેશ-વિદેશમાં વસતા સમસ્ત નાગર જ્ઞાતિના તમામ જ્ઞાતિજનોને અમારાં સહૃદય

**નૂતન વર્ષાભિનંદન**

શુભેચ્છક :

**સુ.શ્રી જાગૃતિબેન ચંદ્રમુખરાય ખારોડ તથા ટ્રસ્ટી મંડળ**

**સુ.શ્રી જાગૃતિબેન સી. ખારોડ આઈ. ટી. એજ્યુકેશન એન્ડ કોમ્યુનિટી ડેવલોપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ**

સુ.શ્રી જાગૃતિબેન સી. ખારોડ
નિવૃત્ત કલાસ-૨ અધિકારી
એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ, જૂનાગઢ

સરનામું :
૧૦૨, સરિતા એપાર્ટમેન્ટ, નાગર રોડ,
અંબીકા ચોક, જૂનાગઢ – ૩૬૧ ００૧. (સૌરાષ્ટ્ર)
મો. ૯૮૨૪૨ ૪૩૦૦૦ / ૯૪૨૮૦ ૪૩૦૦૦



**UNLIMITED SOURCE**

***---- Wedding Planner ----***

**Services provided by us :**

- *Food (Cattering Service)*
- *Light Decoration - Sound*
- *Video & Photography*
- *Mandap / Samiyana*
- *Designer Wedding Set*
- *Concept Wedding*
- *Jewllary & Accesories*
- *Bride & Groom Dreesing*
- *Bridal Makeup*

**Pallav Mankad - 9624889707**
**Bhavin Rathod - 9723074288**
Mail : unlimitedsource2010@gmail.com
Web : www. unlimitedsource.biz


## કુ. શ્રેયા ઓઝા



પોરબંદર સ્થિત મૌલેશ ભૂપેન્દ્રરાય ઓઝાનાં પુત્રી કુ. શ્રેયા ઓઝાએ અમરેલી ખાતે યુવક મહોત્સવમાં સમગ્ર સાઉથ ઝોનની તમામ કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચેની વક્તૃત્વ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કૌટુંબિક કલા વારસાને દીપાવ્યો. અભિનંદન.


**ટેનામેન્ટ ભાડે આપવાનું છે...**

રાજકોટ ખાતે યુનિ. રોડ ઉપર ડ્રોઈંગ રૂમ, ૨ બેડ રૂમ, સ્ટડી રૂમ, રસોડું, સોલાર સીસ્ટમ, ૨૪ ક.પાણીની સગવડ, આગળ પાછળ ખુલ્લી જગ્યા સાથે મકાનનો નીચેનો ભાગ કરારથી બેંકર, સરકારી અમલદારને આપવાનું છે. સંપર્ક કરો : ૦૭૯-૨૬૮૮૦૨૩૯ / ૯૯૦૯૯૫૦૮૧-૮૨

# સમાચાર સંચય

**જૂનાગઢ :** નવરાત્રિ ગરબા મહોત્સવમાં અત્રેના મમતાબેન વૈશ્નવ, પ્રચેતાબેન વોરા તથા રસેન્દુ ભાઈ જોશીપુરા કડવા પટેલ સંચાલિત ઉમીયા ગરબી મંડળ જૂનાગઢ તથા કેશોદમાં નિર્ણાયક તરીકે સેવા આપી જ્ઞાતિના કલા વારસાને ઉજાગર રાખ્યો.

ડી.ટી. યુનિવર્સિટી નડીયાદ ખાતે આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા જટાયુ હર્ષિતભાઈ બક્ષી GATE ૨૦૧૧ માં ૯૧% સાથે ઉર્તીણ થઈ ત્યાં જ એમ. ટેક.(કોમ્પ્યુ.સા.) માં પ્રવેશ મેળવ્યો.

'શ્રી જાગૃતિબેન ખારોડ આઇ. ટી. એજ્યુકેશન ટ્રસ્ટ' દ્વારા જ્ઞાતિના સિનિયર સીટીઝન ભાઈઓ- બહેનો માટે તા. ૨૨/૧૦ના રોજ ગીરનાર દરવાજાથી વાઘેશ્વરી મંદિર સુધીની ઝડપી ચાલ સ્પર્ધા યોજવામાં આવેલ. જેમાં ૩૦ સ્પર્ધકોએ ભાગ જોડાયેલ. આયોજનને સફળ બનાવવામાં ટ્રસ્ટના પ્રમુખશ્રી સંજીવ મહેતા તથા ટ્રસ્ટી મંડળે જહેમત ઉઠાવી હતી.

**રાજકોટ :** બી.એસ.એન.એલ.માં ફરજ બજાવતાં કુ. જાગૃતિ વી. ઝાલાએ સપ્ટેમ્બર - ૧૧માં હિન્દી પખવાડા દરમ્યાન યોજાયેલ વિવિધ હિન્દી પ્રતિયોગિતાઓ હિન્દી કહાની લેખન-પ્રથમ, જ્ઞાન -પ્રથમ, હિન્દી અનુવાદ-દ્વિતીય તથા હિન્દી નિબંધમાં દ્વિતીય સ્થાન મેળવી પારિતોષીક મેળવ્યાં.

અત્રેના શ્રીમતી દ્યુતિ ધોળકિયા, મીતા વૈષ્ણવ,હિતેષા બુચ, ધારિણી છાયા,દર્શના દેસાઈ,જયોતિ અંજારિયા, બીજલ મજમુદાર, ઉષ્મા ત્રિવેદી, દ્રષ્ટિ પાઠક તથા મેઘના દેસાઈ એ 'સબ ટીવી ઉપરથી પ્રસારિત 'હેપી હાઉસ વાઈફ કલબ' કાર્યક્રમમાં નવરાત્રી ઘટ સ્થાપન, ગરબાની સંસ્કૃતિ પ્રદર્શિત કરી વિવિધ કલાકૃતિઓ રજૂ કરી હતી.

લાયોનેસ કલબ દ્વારા તા. ૨૫-૯ના રોજ યોજાયેલ નવરાત્રી ગરબા સ્પર્ધામાં કુ. કોમલ એમ. વૈષ્ણવે ગરબા ગાવાની સ્પર્ધામાં પ્રથમ તેમજ ફરતા ગરબામાં દ્વિતીય સ્થાન મેળવ્યું.

અ. ભા. ના. પરિષદના ઉપક્રમે યોજાયેલ ફરતા ગરબા સ્પર્ધામાં શ્રીમતી હેમાલી ઓઝાએ બીજું સ્થાન મેળવ્યું.

અ. ભા. ના. પરિષદના ઉપક્રમે દીપોત્સવી કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ વાનગી સ્પર્ધામાં શ્રીમતી સંધ્યાબેન વસાવડાએ મીઠાઈ વિભાગમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

મીત કશ્યપ પોટાએ યુએસએ.ની મીનેસોટા સ્ટેટ યુનિ.માંથી એમ.એસ. (ફિઝીયોથેરાપી)ની પદવી મેળવી.

SNKના ઓડીટોરીયમમાં યોજવામાં આવેલ કિશોરકુમારને અંજલિ આપતા કાર્યક્રમમાં શ્રી દેવન વસાવડાએ 'કરાઓકે ટ્રેક' ઉપર કિશોરકુમારના ગીતો રજૂ કરી શ્રોતાઓની દાદ મેળવી.

મધુકર જનકરાય ઢેબરના પુત્ર દીપ ઢેબર એમ.બી.એ.ના બીજાં સેમેસ્ટરમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ.

તાજેતરમાં સરગમ કલબ દ્વારા યોજાયેલ 'કનૈયાનંદ રાસોત્સવ'માં ચિ. ઋત્વા નરેશભાઈ વસાવડા (ઉ. ૧૩)એ આઠમા નોરતે ફાઈનલમાં વિજેતા બની મેગા ફાઈનલમાં ભાગ લીધો.

અત્રે ખંઢેરી ખાતે નવનિર્મિત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે તાજેતરમાં રમાયેલ વેસ્ટઝોન લીગ

ટી-૨૦ ટુર્નામેન્ટમાં યુવા ક્રિકેટર અર્પિત વી. વસાવડાએ અણનમ ૪૫ રન કરી સૌરાષ્ટ્ર ની ટીમને વિજયી બનાવેલ. હાલ તેઓ કટક(ઓરીસા)રમવા ગયેલ છે.

અ.ભા.ના.પરિષદની યાદી જણાવે છે કે સમસ્ત નાગર પરિવાર નિર્દેશીકા પૂરવણી તૈયાર થઈ રહેલ હોય જેઓએ રહેઠાણ બદલાવેલ હોય કે ૨૦૦૯ની નિર્દેશીકામાં જેમના નામ-સરનામા ન હોય તેઓએ રીલાયેબલ એસોશિએટ, સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, રૈયા રોડ ખાતેથી ફોર્મ મેળવી તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં ભરીને પહોંચતા કરવાના રહેશે. (કાર્યક્રમના અહેવાલો આવતા અંકમાં...)

અત્રેના પાર્થ કિરણકુમાર વસાવડા એમ.બી.એ.(એચઆર)માં ઉત્તીર્ણ થયા.

ભૂષિત ભાવિરભાઈ વસાવડા સી.એસ. (ઈન્ટર્ન) માં પ્રથમ વર્ગમાં ઉર્તીણ.

કુ. વિશ્વા મયુરભાઈ માંકડ બીપીટી (બીજું વર્ષ)માં ૭૧% સાથે ઉત્તીર્ણ.

**ભુજ :** શ્રી કપિલભાઈ એમ. મહેતાના નિવાસ સ્થાને તા. ૨૮-૯ થી ૪-૧૦-૨૦૧૧ દરમિયાન નવરાત્રી ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતું. નવ દિવસ સવાર સાંજ પૂજન-આરતી-શક્રાદય ગરબા તથા અષ્ટમીના રોજ હવન માં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ભક્તિપર્વમાં સામેલ થયેલ. ધાર્મિક વિધિ શ્રી નરેશભાઈ પાઠકે કરાવેલ.

હાટકેશ્વર મંદિરના અંબાજી મંદિરમાં જ્ઞાતિમંડળોના ઉપક્રમે નવરાત્રી સ્થાપન કરવામાં આવેલ જેમાં પણ આરતી-સ્તુતિ કરવામાં આવતાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ.પૂજન વિધિ શ્રી જીતુભાઈ વોરાએ કરાવી હતી.

બરછી પ્રતિનિધિ મુ. હરિભાઈ અંતાણી લખી જણાવે છે કે તા. ૬/૯/૧૧ના રોજ નવ દસ કલાક અનરાધાર વરસાદ વરસતાં અત્રેનું હમીરસર તળાવ ઓવરફ્લો થતાં તેમજ ધુના રાજા ડેમમાં ગાબડું પડતાં શહેરનાં નાગર વંડી,વોકળા ફળિયા, સંસ્કાર નગર, ઉમેદનગર,ઓરીએન્ટ આનંદ કોલોની જેવી અનેક સોસાયટીમાં ૪થી ૬ ફુટ પાણી ફરી વળતાં આ સોસાયટીમાં વસતાં ૫૦થી ૨૦ જ્ઞાતિ પરિવારો ઘણી મુશ્કેલીમાં મુકાઈ ગયેલ. ઘરનું ફર્નિચર, અનાજ, વિધુત ઉપકરણો, વાહનો, નજર સમક્ષ તણાતા જોઈ હતાશા સાથે લાચારી અનુભવી રહયા હતા.કોઈને ત્યાં આશરો લઈ શકાય તેવી પરિસ્થિતિ જ ન હતી. નાગર મંડળે હાટકેશ કોમ્પ્લેક્ષમાં વ્યવસ્થા કરેલ, જો કે ત્યાં પણ પહોંચી શકાય તેવી પરિસ્થિતિ પણ ન હતી.તેથી બે ત્રણ દિવસ તો ઘરમાં જેમતેમ કાઢયા. મરી ગયેલા સાપ,માછલા વિગેરેથી વિસ્તાર ગંધાઈ ઉઠેલ. આમ છતાં કેશ ડોલ્સકે સરકારી સહાય જે તમામને નકારી લાચારી બતાવેલ નહીં. બરછીના માધ્યમ દ્વારા પણ કોઈ જરૂરિયાત હોય તો સહાયભુત થવા જણાવવા કહેલ જેને પણ નકારેલ. (આ છે આપણી જ્ઞાતિની ખુમારી, સ્વમાન, સ્વાભિમાન.... સલામ છે. હવે પછી પણ જરૂર હોય તો જણાવવા વિનંતી જ્ઞાતિ - બરછી સૌની સાથે છે અને રહેશે. -તંત્રી)

**ભાવનગર :** ૧૫મી ઓગષ્ટના અવસરે અત્રેનાં નામાંકિત વિકાસ વર્તુળ દ્વારા આયોજીત ઓપન ભાવનગર વકૃત્વ સ્પર્ધામાં પ્રતિક જયેશભાઈ અંતાણીએ 'વિજ્ઞાન : વરદાન કે અભિષાપ ?' વિષય ઉપર મનનીય વકતવ્ય આપી કોલેજ વિભાગમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી પ્રમાણપત્ર તથા સ્મૃતિ ચિન્હ મેળવ્યાં.

પ્રતિક જયેશભાઈ અંતાણી એ (૧૯ વર્ષ) ત્રીજી વખત રકતદાન કર્યુ.

દિવ્ય ભાસ્કર ગ્રુપ દ્વારા મે-૧૧માં લેવાયેલ 'ભાસ્કર જીનીયસ એકઝામ'માં સ્વર

ભાવાર્થભાઈ વૈદ્ય (ધો. ૬)એ સમગ્ર ગુજરાત રાજ્યમાં સાતમું સ્થાન પ્રાપ્ત કરી રૂા. ૨૦૦૧નું રોકડ ઈનામ મેળવ્યું. આ ઉપરાંત તેમણે તાજેતરમાં જ સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ નેશનલ સાયબર ઓલિમ્પિયાડમાં ધો. ૭ની કક્ષામાં શહેરમાં પ્રથમ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ૩૫૩મો રેન્ક પ્રાપ્ત કર્યો. ચિ. સ્વરે સતત ત્રીજા વર્ષે આ સિદ્ધિ મેળવી છે. અભિનંદન.

**જામનગર :** અત્રેની લાયન્સ કલબ (વેસ્ટ) દ્વારા તા. ૫/૯ના રોજ શિક્ષક દિનના ઉપલક્ષ્યમાં નિવૃત્ત શિક્ષિકા ગં. સ્વ. શકુંન્તલાબેન મજમુદારનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

સ્વ. રીતેષ મજમુદારનાં સ્મરણાર્થે શ્રી રક્ષેષ ભાલચંદ્ર મજમુદાર દ્વારા અત્રેના 'નિરાધાર આશ્રમ'ના રહેવાસીઓને સુંદરકાંડની પુસ્તિકા આપી અલ્પાહાર કરાવેલ.

તાજેતરમાં લાલપુર ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાની રાસગરબાની હરિફાઈમાં શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ નિર્ણાયક તરીકે સેવા આપેલ. જેમાં ૩૧ ટીમોએ ભાગ લીધેલ. આ ઉપરાંત તેઓએ સાંધ્ય દૈનિક 'ભૂમિ' દ્વારા આયોજીત ગણેશોત્સવ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પણ પોતાની સેવા આપેલ.

અત્રેના નિષીત દીપકભાઈ માંકડ એચડીએફસી બેંકમાં ડેપ્યુટી મેનેજર તરીકે બઢતી સાથે મીઠાપુર ખાતે નિમાયા.

પૂજા દર્શન માંકડે મહર્ષિ પતાંજલિ યોગ એમ્પાઈનર દ્વારા યોજાયેલ સાત્વિક ભોજન વિષય ઉપરની નિબંધ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવી ઈનામ મેળવ્યું.

**ભાણવડ :** ચિ.વિશ્વ હીરેન નાણાવટી જામનગર ખાતે અલોહા બ્રેઈન ડેવ. માંથી ૮ લેવલ પૂરા કરી ૯૯% સાથે 'અલોહા માસ્ટર'ની ડીગ્રી મેળવી.

**પોરબંદર :** અત્રેના સૌરાષ્ટ્ર સિમેન્ટ લી.રાણાવાવ ખાતે આસી. મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી મૌલેશ ભૂપેન્દ્રરાય ઓઝાએ પ્રસંશનીય કામગીરી બદલ સતત બે વાર 'એચીવર ઓફ ધ મન્થ'નો અવોર્ડ મેળવ્યો.

શરદપૂનમની રઢીયાળી રાતે અત્રેના જ્ઞાતિજનોએ રાસ ગરબાની રમઝટ સાથે સમૂહ અલ્પાહારનો આનંદ માણ્યો હતો.

**ઉના :** દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી દરમ્યાન જુદે જુદે ઘેર બેઠા ગરબાનું આયોજન કરવામાં આવેલ. ઉનાના શ્રી કનકેશ્વરી માતાજીના મંદિરના સંકુલમાં દશેરા નિમિત્તે માતાજીનાં ગરબા તથા સ્તુતિ કરી સૌ આનંદભેર ગાંઠીયા-જલેબી લઈ છુટા પડેલ. આ આયોજનમાં શ્રી થિયુકેશભાઈ દેસાઈએ જહેમત ઉઠાવી હતી.

**ગાંધીનગર :** શ્રી મયુરભાઈ દેસાઈ દંપતી ચારધામની યાત્રાએ તેમજ આંદામાન નીકોબાર ટાપુના પ્રવાસે જઈ આવ્યા.

**વડોદરા :** બંદિશ જતીન ઝાલા બી.ડી.એસ.ના બીજા વર્ષમાં પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયા.

તા. ૨૨/૯ ના રોજ જુનીયર જેસીસ કલબ તરફથી મહિલાઓ માટે 'સાસુ વહુ પ્રતીયોગીતા' યોજવામાં આવેલ. સામાન્ય જ્ઞાન,સ્માઈલ આધારિત આ સ્પર્ધામા સૌ. સરયુબેન નાણાવટી અને સૌ.દીપન નાણાવટીની જોડી પ્રથમ વિજેતા જાહેર થયેલ.

એમ.એસ.યુનિ. દ્વારા આયોજીત કવીઝ કોન્ટેસ્ટ 'પરામર્શ'માં મીકે. એન્જી.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ધગશ મયંકભાઈ માંકડ અને ઉદ્‌ગાર અંતાણીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો.

કુ. ગ્રિષ્મા હરેશભાઈ શુકલ એમ.બી.એ.(એચ.આર.)ના બીજાં સેમેસ્ટરમાં ૭૨% સાથે ઉત્તીર્ણ.

મુ. ઈન્દ્રવદનભાઈ પી. બુચને ૮૦ વર્ષ પૂર્ણ થતાં ૯/૭ના રોજ ૮૦ દીપ પ્રગટાવી ઓરકેસ્ટ્રા સાથે જૂના-નવા ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

અત્રેના શ્રી કચ્છી નાગર મંડળના નેજા હેઠળ કચ્છી પરિવારોના જુદે જુદે ઘેર પણ બેઠા ગરબા, સ્તવન, સ્તુતિનું આયોજન કરવામાં આવેલ. તેમજ તા. ૨/૧૦ના રોજ વિઠલનગર ગૃહ ખાતે સમૂહ બેઠા ગરબા, સ્તવન, સ્તુતિ, આરતિનું આયોજન કરવામાં આવેલ.જેમાં સૌએ સાથે મળી માતાજીના આરાધન બાદ ફરાળી વાનગીઓની રસલ્હાણ બાદ સૌ છૂટાં પડેલ.

ડો. રાજેન્દ્ર કે. હાથીના પૌત્ર મીત હાથીએ તાજેતરમાં યોજાયેલ ઓપન બરોડા સ્પીડ સ્કેટીંગ કોમ્પીટીશનમાં રીંક રેસમાં દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ તથા પ્રમાણપત્ર મેળવ્યાં.

**વેરાવળ :** શ્રી વડનગરા નાગર જ્ઞાતિ દ્વારા શ્રી દિનેશભાઈ વૈશ્નવની ટીમની જહેમતથી નવરાત્રિ દરમ્યાન દર વર્ષ મુજબ બેઠા ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌએ માતાજીના ગરબા, સ્તુતિ, સ્તવન, આરતિ દ્વારા 'મા'ની આરાધના કર્યા બાદ દશેરાના રોજ દાંડીયા રાસ,ગરબાને અંતે ગાંઠીયા-જલેબીનો આનંદ માણ્યો હતો.

**અમદાવાદ :** શ્રી સ. ના. મંડળ જીવરાજપુર - વેજલપુર વિસ્તારના ઉપક્રમે નવરાત્રી દરમિયાન બેઠા ગરબા, સ્તવન સ્તુતિનું રાત્રે ૯ થી ૧૦:૩૦ દરમિયાન પ્રમુખશ્રી રવિન્દ્રભાઈ કે. છાંયાના નિવાસસ્થાને આયોજન કરવામાં આવેલ.

અત્રે સ્ત્રી નિકેતન તથા ગુજરાતી સમાજ આયોજીત નવરાત્રી ગરબા મહોત્સવમાં શ્રીમતી મંજરી મલય વૈષ્ણવે વેલડ્રેસ કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા થઈ પારિતોષિક મેળવ્યું.

પાલડી-નારાયણનગર વિસ્તારના બહેનોના નારાયણી મહિલા મંડળ દ્વારા નવરાત્રિ દરમ્યાન સાજે ૫થી ૬ બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બકુલાબેન-શેફાલીબેનના સાણંદ સ્થિત નિવાસસ્થાને આ ગ્રુપના બહેનોએ ત્યાં જઈ ગરબાની રમઝટ બોલાવેલ અંતમાં અલ્પાહાર દૂધથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કચ્છ સૌ. વ. ના. મંડળના ઉપક્રમે દીપોત્સવી દરમ્યાન યોજવામાં આવેલ લગ્નગીત સ્પર્ધામાં નારાયણનગર વિસ્તારના નારાયણી મહિલા મંડળના બહેનોના ગ્રુપે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ૭૦ વર્ષ ઉપરનાં સિનિયર સીટીઝન બહેનોએ ભાગ લઈ સૌને પ્રેરણા આપી હતી.

**મુંબઈ :** આશા પારેખ મેમોરીયલ હોસ્પિટલ ખાતે ફિઝીયોથેરાપીસ્ટ તરીકે કાર્યરત ડો. હેમાલીબેન પ્રશાંત ઢેબરને આશા પારેખને હસ્તે 'બેસ્ટ એમ્પલોઇઝ ઓફ ધ યર' તરીકેનો અવોર્ડ એનાયત થયો.

ઓગષ્ટના અંકમાં છપાયેલ પ્રણવ ભાર્ગવભાઈ બક્ષી એમ.ઇ. થઈ એલએન્ડટી કંપનીમાં જોડાયાના સમાચારમાં તેઓ મુંબઈ નિવાસી <u>સ્વ. ઉમંગપ્રસાદ (બચુભાઈ)</u> બક્ષી (નામ રહી ગયેલ) તથા સ્વ. ઈન્દુમતીબેન ઉ. બક્ષીના પૌત્ર થાય તેમ વાંચશો.

**પુના :** અત્રે સ્થિત શ્રીમતી ઉલ્કા તેજસ વૈષ્ણવ તેમના વડોદરા સ્થિત માતુશ્રી અરૂણાબેન તથા ભાઈ કેદારના " સખી ગરબા વૃન્દે" કુઆલમ્પુર સ્થિત લક્ષ્મીનારાયણ મંદિરના આમંત્રણથી નવરાત્રી દરમિયાન મલેશિયા ખાતે ગરબામાં કાર્યક્રમ આપી આવ્યા. જ્યાં પોતાના મધુર કંઠ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા.

## 'બરછી' સાથેના પ્રતિનિધિઓના સંસ્મરણો...

૧૯૮૦ના દાયકા પહેલાં બરછીના પ્રતિનિધિ તરીકે સેવા આપી ચૂકેલા મુ. બીપીનભાઈ કિકાણી(ઉં ૭૯)નો બરછીનાં સંસ્મરણો વાગોળતો તા. ૧૩/૯ના રોજનો લાગણીસભર પત્ર અમને મળ્યો. જે પત્ર સાભાર પ્રસિધ્ધ કરી અગાઉ બરછીને સેવા આપી ચૂકેલ વડીલોની સ્મૃતિ તાજી કરાવી તે સમયના ભાવને 'શેર' કરાવવા ઈચ્છા થઈ આવી. તે સમયે ફોન,મોબાઈલ, કોમ્પ્યુટર,ઈ-મેઇલ વગર બરછીનું પ્રકાશન કેટલું કઠીન હશે તે આજે સમજાય છે. આવા સમયમાં માત્ર પત્ર દ્વારા નિસ્વાર્થ સેવા આપી યજ્ઞકાર્યને અવિરત આગળ ધપાવનાર આવા અનેક સેવકો (અનેક વડીલ જ્ઞાતિજનો પણ હશે)ને યાદ કરવાની બીપીનભાઈએ તક આપી છે ત્યારે બરછીની ૪૮ વર્ષની પ્રકાશન યાત્રા દરમ્યાન અગાઉ પ્રતિનિધી તરીકે રહી ચૂકેલા વડીલોને કલમ ચલાવી પોતાના અનુભવો- માહિતી, તાણાવાણા લખી મોકલવા દિલથી આમંત્રણ છે. હવે વાંચો પત્ર...

સવિનય સાથ લખી જણાવવાનું કે બરછીના પેજ-૨ ઉપરનું આપનું મંતવ્ય વાંચી જૂના સંસ્મરણો તાજાં થયાં. બરછીની શરૂઆત વખતે મુ. શ્રી શાંતિભાઈએ ગામવાર પ્રતિનિધિ થવા જાહેરાત કરેલ. તે વખતે હું પોરબંદર સીવીલમાં સર્વિસ કરતો હતો જેથી મેં તરત પ્રતિનિધિત્વ સ્વીકારી લીધેલ. ઈન્લેન્ડ લેટરમાં સમાચારો- લવાજમ મેળવી રાજકોટ મોકલાવવું વિગેરે કામગીરી ૧૯૮૦ સુધી કરી. આનંદ આવ્યો. પછી મારી બદલી ૧૯૮૦માં ગોધરા સીવીલમાં ઓ.એસ. તરીકે થતાં સેવાકાર્ય વિરામ પામ્યું. તો પણ સમાચાર મોકલતો રહેલ, જે હજુ સુધી ચાલુ જ છે.

બરછી ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરતું રહે તેવી હાર્દિક શુભેચ્છા.

**- બીપીન કિકાણીના જય હાટકેશ- (ઉ. ૭૯)અમદાવાદ - તા. ૧૩/૯/૧૧**

### ------------ સ્નેહભરી સગાઈ ------------

卐 અમદાવાદ સ્થિત અશ્વની એસ. વત્સરાજનાં પુત્રી વીમ્મીનું સગપણ અમદાવાદ સ્થિત શશીકાન્ત ઝાલાના પુત્ર સિધ્ધાર્થ સાથે.

卐 વડોદરા સ્થિત જ્વલંત વિપીનચંદ્ર દેસાઈના પુત્ર આત્મનનું સગપણ વડોદરા સ્થિત પ્રેરક જતીનભાઈ દેસાઈનાં પુત્રી અંકિતા સાથે. (માધ્યમ બરછી)

卐 જુનાગઢ નિવાસી ઉદયકુમાર એન. વસાવડાના પુત્રી કૃપાલીનું સગપણ નરેશભાઈ જોષીપુરાના પુત્ર ધવલ સાથે (બરછીમાધ્યમ)

卐 વડોદરા સિથત ઋષિકેશ ચંદ્રશેખર બુચનું સગપણ વડોદરાના ધ્વનિ સ્નેહલભાઈ મહેતા સાથે.

卐 અમદાવાદ સ્થિત દેવાંશુ ધ્રુવકુમાર કચ્છીના પુત્રી હીરલનું સગપણ રાજકોટ સ્થિત ભૂપેન્દ્રભાઈ ઢેબરના પુત્ર મૌલિક સાથે (માધ્યમ બરછી)

卐 રાજકોટના હેમાક્ષીબેન અનીલકુમાર કિકાણીના પુત્ર ભવતોષ નું સગપણ જુનાગઢ સ્થિત કાશ્મીરાબેન શૈલેષભાઈ દેસાઈના પુત્રી પંકિત સાથે.卐રાજકોટના મીત કશ્યપ પોટાનું સગપણ મુંબઈ થાણા સ્થિત કેજલ અશ્વિનભાઈ વસાવડા સાથે.卐 જૂનાગઢ નિવાસી મધુકાંતભાઈ બી. છાયાના પુત્ર અભયનું સગપણ જામનગરના યદુનંદનભાઈ બુચનાં પુત્રી નિમિતા સાથે.



### નિહિત વોરા

જૂનાગઢના મુંબઈ સ્થિત નિહિત ઉર્મિલ વોરા તાજેતરમાં બી. ઈ. (ઇલેક્ટ્રો.) થઈ પૂના ખાતે ટેક મહેન્દ્ર કંપનીમાં જુનિયર એન્જીનીયર તરીકે જોડાયા.

## આદિત મજમુદાર બી.ઈ. થયા

અમદાવાદ સ્થિત શ્રીમતી બીના તથા વિદુલ મજમુદારના પુત્ર આદિત મજમુદાર ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુન ૨૦૧૧ માં લેવાયેલ બી.ઈ.(કોમ્પ્યુટર એન્જી.) ની છેલ્લાં સેમેસ્ટરની પરીક્ષામાં ૭૭% ગુણ સાથે ઉતીર્ણ થઈ યુ.એસ.એ. સ્થિત સોફટવેર કંપનીની અમદાવાદ શાખામાં જોડાયા. આદિત જુનાગઢ નિવાસી સ્વ. વનમાલીકાબેન કૈસ્તુભરાય મજમુદારના પૌત્ર તથા સ્વ. કુમુદબેન નયનસુખરાય ઘોડાના દોહિત્ર થાય.

## સુપર સીંગર કુ. દ્યુતિ વસાવડા



અમદાવાદ સ્થિત કુ. દ્યુતિ દિવાકર વસાવડાએ અમદાવાદ ખાતેનાં રેડિયો સીટી ૯૧.૧ એફ એમ દ્વારા આયોજીત સુપર સીંગર સ્પર્ધામાં ભાગ લઈ ત્રણ રાઉન્ડને અંતે રેડિયો સીટી સુપર સીંગરનો એવોર્ડ ઉપરાંત રૂા. ૧ લાખનું ઈનામ મેળવવા યશભાગી થયાં. આ અગાઉ અનેક સંગીત કાર્યક્રમોમાં ભાગ લીધેલ છે. હાલ તેણી બી.ફાર્મના બીજાં વર્ષમાં અભ્યાસ કરે છે અને સાથે શાસ્ત્રીય સંગીતજ્ઞ શ્રી અનિકેત ખાંડેકરના માર્ગદર્શન હેઠળ વિશારદનું શિક્ષણ પણ લઈ રહેલ છે.

## અનંતના યાત્રીઓ :

– વડોદરા સ્થિત અરવિંદભાઈ યુ. દેસાઈ (બરછી પ્રતિનિધિ સ્વાતિબેન દેસાઈના પતિ)નું વડોદરા ખાતે તાજેતરમાં દેહાવસાન થયું. બરછીને તેઓની પણ સેવા મળતી હતી. આઈપીસીએલમાંથી ઉચ્ચ હોદા પરથી નિવૃત્તી બાદ રેકી, ધ્યાન-યોગ જેવી આધ્યાત્મિક વિદ્યાઓમાં રત રહી 'સ્વ'સાથે અનેકને ઉપયોગી બની રહેલ. દંપતીમાં અનન્ય કુટુંબવત્સલતા અને દરેક માટે અનન્ય પ્રેમભાવ..આવા આત્માને શાંતિ જ હોય ! – રાજકોટ સ્થિત નિવૃત્ત ચીફ કન્ટ્રોલર ઓફ રેલ્વે શ્રી ભૂપેન્દ્રરાય નિતીરાય ઘોડાનો જૂનાગઢ ખાતે ગત માસમાં દેહવિલય થયો. છેલ્લી પ્રસુતિમાં પત્નીની વિદાય બાદ માતા તથા ભાઈના સહકારથી સંતાનોના માતા પિતાની ગરજ સારી સંતને શરમાવે તેવું નિર્લેપ જીવન વ્યતિત કરવા છતાં તમામ સાંસારીક જવાબદારી બખુબી નિભાવી હતી. સુધારાવાદી વિચારશરણી ધરાવતા ભૂપેન્દ્રભાઈ મૃત્યુ બાદ લૌકીક વ્યવહારો ન કરી તે રકમ જરૂરીયાતમંદો પાછળ ખર્ચવાનું જણાવી ગયેલ જેનો સંતાનોએ સ્તુત્ય અમલ કર્યો. – – ગં. સ્વ. મધુરીબેન પ્રબોધચંદ્ર માંકડનું ૮૭ વર્ષની વયે અમદાવાદ ખાતે. – ગં.સ્વ. પ્રમીલાબેન જનાર્દનભાઈ ધોળકિયાનું ૭૭ વર્ષની વયે જામખંભાળિયા ખાતે.– ધનવિદ્યાબેન એ. બક્ષીનું રાજકોટ ખાતે. – કેયુરભાઈ મહેન્દ્રભાઈ ભચેચનું ૪૬ વર્ષની વયે વડોદરા ખાતે – શ્રીમતી વત્સલાબેન નટવરલાલ બક્ષીનું ૯૦ વર્ષની વયે વડોદરા ખાતે. – રાજકોટનાં અમદાવાદ સ્થાયી શ્રીમતી અંજનીબેન તનસુખરાય ઓઝાનું અવસાન. – રાજકોટનાં અમદાવાદ સ્થાયી સ્વ. ચંપાબેન નયનસુખલાલ વસાવડાનું અવસાન. હરેન્દ્રરાય મહેન્દ્રરાય કીકાણીનું ૭૮ વર્ષની વયે વડોદરા ખાતે. મનહરભાઈ રસિકલાલ વસાવડાનું જૂનાગઢ ખાતે. શ્રીમતી વત્સલાબેન નટવરલાલ બક્ષીનું ૯૦ વર્ષની વયે વડોદરા ખાતે. – કુસુમરાય જીવાભાઈ દેસાઈનું મુંબઈ ખાતે. મધુસુદનભાઈ કુસુમરાય મંકોડીનું ૫૩ વર્ષની વયે જૂનાગઢ ખાતે આકસ્મિક અવસાન. શશીકાંતભાઈ (વાલાભાઈ) મોહનલાલ છાયાનું ૯૨ વર્ષની વયે રાજકોટ ખાતે. – ગં. સ્વ. દેવીબેન નિતીનરાય દેસાઈનું ૮૨ વર્ષની વયે મહુવા ખાતે અવસાન.–મધુકરભાઈ કાંતિલાલ અંજારિયા (ઉ.વર્ષ ૬૬) તથા જોગીભાઈ કાંતિલાલ અંજારિયા (૮૧ વર્ષ) બંન્ને ભાઈઓના ૨૦ દિવસના અંતરે ભુજ ખાતે અવસાન.(કેવો ભાતૃભાવ હશે !) – વાયુમિત્ર સૂર્યકાન્ત વોરા (૫૧ વર્ષ) ભુજ ખાતે – નરેન્દ્રભાઈ હરેન્દ્રભાઈ ધોળકિયા (૬૦વર્ષ) ભુજ ખાતે.

## જોઇન્ટ કમિશ્નર તરીકે બઢતી મેળવતા શ્રી ચૈતન્ય અંજારિયા



મૂળ રાજકોટના શ્રી શ્રી ચૈતન્ય અંજારીયા ૧૯૮૬માં સ્ટાફ સિલેકશન કમિશનની પરીક્ષા પાસ કરી ઈન્કમટેક્ષ વિભાગમાં ડાયરેકટ ઇન્સ્પેકટર તરીકે જોડાયા બાદ ડીપાર્ટમેન્ટલ પરીક્ષાઓ પાસ કરી ઉત્તરોત્તર બઢતી મેળવતા રહયા...૧૯૯૨માં ઈન્કમટેક્ષ ઓફિસર તરીકે અને ત્યારબાદ તેઓની કર્તવ્યનિષ્ઠા અને સુઘડ છાપ થકી ફરી ૨૦૦૨માં આસી.કમિશ્નર તરીકે અને ૨૦૦૮માં ડેપ્યુટી કમિશ્નર તરીકે બઢતી મેળવેલ અને તાજેતરમાં કેન્દ્ર સરકારે તેઓની કાર્યદક્ષતાને ધ્યાનમાં લઈને શ્રી ચૈતન્ય અંજારીયાને જોઈન્ટ કમિશ્નરના ઉચ્ચ પદ ઉપર બઢતી આપેલ છે.

સ્વચ્છ પ્રતિભા, સુચારૂ વહીવટ અને કર્તવ્ય પરાયણતામાં આજે પણ જ્ઞાતિ અગ્રેસર છે તે ચૈતન્યભાઈ એ પૂરવાર કરેલ છે....'આયકર' જેવા ખાતાંમાં પણ !! આ સિધ્ધિ બદલ ભાઈશ્રી ચૈતન્યને અભિનંદન સહ વિશેષ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ.

---

## -.-.- લગ્ન વિષયક જાહેરાત -.-.-

(બરછીના ગ્રાહકોને સવારે ૧૦ થી ૧૨ અને રાત્રે ૮ થી ૯ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી નીચે મુજબની જાહેરાતના સંપર્ક માટે ફોન નંબર આપવામાં આવશે.)

(૧) બી. ટેક., એમ.ટેક. (ચાલુ), જ. ૩/૧૯૮૪, ઉંચાઈ ૫'.૬"ના હાલ ઈંદોર ખાતે આસી. પ્રોફેસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૩૧-

(૨) બાલ્ટીમોર (યુએસએ.) ખાતે એમ.ડી.(મેડીસીન)ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા જ. ૫/૧૯૮૫, ૫'.૭" ઉંચાઈના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૫-

(૩) ડી. ફાર્મ, બી.કોમ., એમબીએ. (ચાલુ) જ. ૧/૮૩, ઉંચાઈ ૫'.૯"/૬૫ કેજી ફાર્મા કંપનીમાં એરીયા મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-

(૪) બી.ઇ., જ. ૨/૮૫ ૬' ઉંચાઈના રીલાયન્સ કંપની ખાવડી ખાતે નોકરી કરતા સગપણ ફોક થયેલ યુવક માટે રાહુ અપેક્ષીત કન્યા. સંપર્ક : ૦૭૯- મો.

(૫) બી.કોમ., ડી.સીએસ., ૪/૧૯૮૭ ૫'.૭" ઉંચાઈના એચએસબીસી બેંક પૂના ખાતે નોકરી કરતા, નિર્દોષ છૂટાછેડા લીધેલ હળવો મંગળવાળા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮-

(૬) બીબીએ.,એમબીએ., જ. ૧૦/૮૪, ઉંચાઈ ૬'.૧"/૭૦ નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૭) બી.એ. જ. ૧૦/૧૯૮૩, ૫'૪" ઉંચાઈની માંગલિક કન્યાને યોગ્ય યુવક. સંપર્ક: ૦૨૮૧-

(૮) બીસીએ.,એમબીએ.(ચાલુ) જ. ૬/૧૯૯૦, ઉં. ૫'.૨"ની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૯) બી.ઈ. એમ.બી.એ., જ. ૨/૧૯૮૭ ઉં. ૫'.૮" દિલ્હી ખાતે લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯- મો.

(૧૦) બી.એ., ડીસીએ., જ. ૪/૧૯૮૪ ઉં. ૫'.૬" એકાઉન્ટ આસી. તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-મો.

# બ્લડ ક્વિઝ

'બરછી'ના સુજ્ઞ વાચક મિત્રો,

આજ પર્યન્ત તમે ઘણા પ્રકારના કવીઝ પ્રોગ્રામ જોયા અને માણ્યા હશે પણ માનવશરીરમાં જીવનરક્ષક બનીને ફરતા લોહી એટલે કે બ્લડ વિશે તમે કેટલું જાણો છો તે માટે આ નવતર પ્રશ્નોત્તરી આપું છુ. પ્રમાણિકતાથી ટેસ્ટ આપી તમારૂં જ્ઞાન તપાસો. સાચા ઉત્તરો નીચે આપેલા છે. બેસ્ટ ઓફ લક.....

– પ્રતિક જયેશ અંતાણી (ભાવનગર)

૧ માનવ શરીરમાં સરેરાશ કેટલું લોહી હોય છે ?
એ– ૧થી ૨ લીટર બી– ૫થી ૬ લીટર સી– ૬ થી ૧૦ લીટર

૨ એક વખતના રકતદાન વખતે વ્યીકત પાસેતી કેટલું લોહી લેવામાં આવે છે ?
એ– ૨૦૦ એમએલ બી– ૩૫૦ એમએલ સી– ૮૦૦ એમએલ

૩ લોહીનો રંગ લાલ શાને લીધે હોય છે ?
(એ)– બિલિરુબીન (બી) હિમોગ્લોબીન (સી) મેલાજાન

૪ લોહીના કયા ગૃપના રકતદાતા વૈશ્વિક રકતદાતા તરીકે ઓળખાય છે ?
(એ) એ પોઝીટીવ (બી) એબી પોઝીટીવ (સી) ઓ. પોઝીટીવ

૫ રકતદાન કરવા માટે લઘુતમ હિમોગ્લોબીન (ગ્રામ ટકાવારી) કેટલુ હોવું જરૂરી હોય છે ?
(એ) ૧૧.૫ (બી) ૧૨.૫ (સી) આવશ્યકતા નથી.

૬ બે રકતદાન વચ્ચે કેટલા દિવસનો ગાળો રાખવો આવશ્યક છે ?
(એ) ૬૦ દિવસ (બી) ૧૮૦ દિવસ (સી) ૯૦ દિવસ

૭ કયા જાણીતા સીનેકલાકાર થેલેસેમિયા માઈનર નામના રકતરોગથી પીડિત છે?
(એ) જયા બચ્ચન (બી) શ્રીદેવી (સી) અમિતાભ બચ્અન

૮ એક વખત રકતદાન કર્યા બાદ કેટલા સમયમાં એ રકત શરીરમાં પુનઃ આવી જાય છે ?
(એ) ૧૨ કલાક (બી) ૭૨ કલાક (સી) ૯૦ કલાક

૯ પુરૂષોના શરીરમાં પ્રતિ કિલો વજન દીઠ રકતનો કેટલો જથ્થો હોય છે ?
(એ) ૧૦૦મીલી (બી) ૧૦૯મીલી (સી) ૭૬મીલી

૧૦ રકતજૂથોના વર્ગીકરણના શોધક કોણ હતા ?
(એ) સરવિલિયમ હાર્વે (બી) ડો. કાલેલેન્ડ સ્ટેઈનર (સી) સી વી રામન

**સાચા ઉતરો :**

(૧) B ૫થી ૬ લીટર (૨) B ૩૫૦ એમએલ (૩) B હિમોગ્લોબીન (૪) C ઓ પોઝીટીવ
(૫) B ૧૨.૫ ગ્રામ (૬) C ૯૦ દિવસ (૭) C અમિતાભ બચ્ચન (૮) B ૭૨ કલાક
(૯) C ૭૬ મીલી (૧૦) B ડો. કાલે લેન્ડ સ્ટેઈનર.

**પ્રેરક વ્યકિતત્વ – શ્રી નીતિન મહેતા...**

# જીવન પ્રત્યેનો આશાવાદી અભિગમ

મુંબઈમાં જન્મ થયા પછી ૩ વર્ષની ઉમરે હું પોલિયોના રોગનો ભોગ બન્યો. મારૂં શૈશવ રમતગમત અને તોફાન-મસ્તીને બદલે સારવારમાં વીત્યું.એ સમયનાં સુપ્રસિધ્ધ નાગર ડો. કે. ટી. ધોળકિયાની સારવાર હેઠળ હતો, પ્રાથમિક શિક્ષણ ઘેર બેઠાં જ લીધું, જે શિક્ષક મને કવિતા ભણાવતા તે સમજાતી નહીં પણ તેમાં મને આનંદ આવતો. આમ બાળપણથી જ કવિતા એ મારા હૃદય ઉપર ધીરે ધીરે સ્થાન જમાવ્યું, મારો વાંચનનો શોખ ત્યારથીજ કેળવાયો.

માતા-પિતા ભાઈ-બહેન વિગેરે પરિવારના સભ્યો મને ઉંચકીને પરેલની વાડિયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા, ઘણા ઓપરેશનો પછી મને કેલિપર્સ આપવામાં આવ્યા જેને લીધે હું મારા પોતાના પગ ઉપર ઉભો રહેતા શીખ્યો. કાખઘોડીના સહારે જયારે હું રસ્તા પર ચાલતાં શીખ્યો ત્યારે મને પાંખો ફૂટી હોય તેવી પ્રતિતી થતી.

અંધેરીની શાળામાં હું જયારે છઠા ધોરણમાં દાખલ થયો ત્યારે જ મેં પંડિત જવાહરલાલ નહેરૂ વિશે કાવ્ય લખ્યું. જે શાળાના સામાયિકમાં છપાયું. મેટ્રીક પાસ થયા પછી મેં અંધેરીની જ એમ.વી. કોલેજમાં કલાક્ષેત્રમાં પ્રવેશ લીધો. કોલેજના એ ચાર વર્ષોનો ગાળો મારો સુવર્ણકાળ હતો. આમ તો હું અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી હતો, પણ સાહિત્યનો શોખ હોવાને લીધે હું ગુજરાતી સાહિત્ય મંડળની પ્રવૃતિઓમાં સક્રિય રહયો. હું સુપ્રસિધ્ધ સાહિત્યકારો, સર્વશ્રી રામપ્રસાદ બક્ષી,અમૃતલાલ યાજ્ઞિક, કરસનદાસ માણેક, ઉમાશંકર જોષી,સુધીર દેસાઈ, હરીન્દ્ર દવે,સુરેશ દલાલ, બરકત વિરાણી'બેફામ' જેવી પ્રતિભાઓનાં સંપર્કમાં આવ્યો. જેમણે મને સર્જન પ્રત્યે પ્રોત્સાહિત કર્યો. પુસ્તકો વાંચવાના શોખને લીધે મારા જીવનની દિશા બદલાઈ ગઈ. શારિરીક ખોડ હોવા છતાં હું જીંદગીને અખિલાઈમાં નીહાળતો થયો. મારો આત્મવિશ્વાસ વધુ મજબુત થયો.

સ્નાતક થયા પછી તરત જ મને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં નોકરી મળી એટલે હું આર્થિક રીતે પણ પગભર થયો. બેંકની નિષ્ઠાપૂર્વકની નોકરી સાથે મેં મારી લેખનપ્રવૃતિ પણ ચાલુ રાખી. પ્રતિષ્ઠિત સામાયિકો તથા અખબારોમાં મારા કાવ્યો તથા લેખો પ્રગટ થવા માંડયા. અનેક સાહિત્યિક સંસ્થાઓમાં કાવ્ય વાંચન તથા પ્રવચનો કર્યા, કોલેજકાળથી જ મેં આકાશવાણીમાં કાર્યક્રમો આપવાનું શરૂ કર્યુ જે આ જ પર્યન્ત અવિરત ચાલુ રહયું છે.

મારો પ્રથમ કાવ્ય સંગ્રહ 'પગલામાં ઉતર્યું આકાશ' પ્રગટ થયો જેને પ્રતિભાસંપન્ન લેખકોએ આવકાર્યો. ત્યારપછી હાલમાં જ બીજો કાવ્યસંગ્રહ'કોડિયામાં સૂરજ દેવ ઉગ્યા' પ્રગટ થયો. આ બંન્ને સંગ્રહોની કવિતાઓને ગુજરાતના જાણીતા સંગીતકારો તથા ગાયકોએ સ્વરબધ્ધ કરી.જે આકાશવાણીમાંથી તથા જાહેર કાર્યક્રમોમાંથી રજૂ થતી રહે છે.

બેંકના વ્યવસાય ,સાહિત્ય સર્જનની સાથે મેં વિકલાંગોના પ્રશ્નો તથા સમસ્યાઓ હલ કરવાનું શરૂ કર્યુ. મારા લખાણો દ્વારા તથા અનેક સામાજીક સંસ્થાઓ સાથે રહી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભાગ લઈ વિકલાંગોને તેમના અધિકારો મેળવવામાં સંનિષ્ઠ પ્રયત્નો કર્યા. સિંગાપુર તથા ઓસ્ટ્રેલિયા ખાતે ભરાયેલ પરિષદોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ અને અનેક

પ્રવચનો આપ્યાં. આજે પણ વિકલાંગોના પુનઃવસન માટે કાર્યરત સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ છું.

સંઘર્ષમય જીવનમાં શબ્દના સતત સાંન્નિધ્યે મને અનહદ સાતા આપી છે. અનેક ઉણપો અને ઓછપોને અતિક્રમી જવામાં મારા પરિવારનાં સભ્યો, શિક્ષકો તથા મિત્રોનું પ્રદાન બહુમૂલ્ય રહયું છે. "સ્વ" માં શ્રધ્ધા તથા જીવન પ્રત્યેના આશાવાદી અભિગમે મારા આત્મવિશ્વાસને ઉત્તરોત્તર દ્રઢ કર્યો છે. માનવીય સંબંધોમાં હૈયેથી હૂંફ મળી છે. તો પ્રેમ અને લાગણીની ઓટ કયારેય અનુભવી નથી. એટલે જ મારાં એક કાવ્યમાં લખ્યું છે

"હવે સંબંધો બાંધું એવા  કદી નહીં જે તૂટે
વહે લાગણી ધોધ સ્વરૂપે કયાંય કશું ના ખૂટે"

એક માણસની સાથે એક નાગર તરીકે શું અત્યંત ગૌરવ અનુભવું છું, નાગરી સંસ્કારો મારા લોહીમાં સતત વહેતા રહે છે. તેની પ્રત્યેક ક્ષણે ધન્યતા અનુભવું છુ. ભાગ્યશાળી છું કે હું માણસ છું પરંતુ વિશેષ ભાગ્યશાળી છું કે હું એક નાગર છું. ઈશ્વરનો અનુગ્રહ સતત મારી ઉપર રહયો છે.

જીવનમાં કશુંક ખૂટે છે તેનો રંજ નથી પરંતુ કશુંક મળ્યું છે તે ભરપુર પ્રમાણમાં છે તેનો અનહદ આનંદ છે. એટલે જ મેં મારા જીવનમાં આ વાતને આત્મસાત્ કરી છે કે...

"Life is worth living even with disability ."

સંપર્ક : નીતિન મહેતા, એ/૧૦૫ વાસ્તુસિધ્ધિ કો.ઓ. સો.,જીજીબાઈ રોડ, અંધેરી(ઈસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૩


## નૂતન વર્ષાભિનંદન

વિ. સં. ૨૦૬૮નું વર્ષ સર્વે જ્ઞાતિજનોને હિતકારી બની રહો તેવી ઈષ્ટદેવના ચરણે પ્રાર્થના...

**અનુવાદ હેલ્પ લાઈન**

**અંગ્રેજી-ગુજરાતી-હિન્દી ભાષામાં પરસ્પર સચોટ ભાષાંતર કાર્ય માટે**

સંપર્ક :

**યોગેશ જી. અવાશીયા**

૪૬ હરિ ૐ નગર, 'પ્રાર્થના'
બોરતળાવ પાસે
ભાવનગરપરા-૩૬૪ ૦૦૩.
ફોન : ૦૨૭૮-૨૪૪૮૯૨૧
મો. ૯૪૨૮૮ ૫૬૩૧૯



## લગ્ન વિષયક

મુંબઈ સ્થિત યુવક,ઉંચાઈ ૫ ફુટ ૭ ઈંચ, વજન ૭૭ કિલો-**ઉમર-૪૮ વર્ષ** પોતાનો ફલેટ ધરાવતા **આર.સી.એફ. (ભારત સરકારનું ઉપક્રમ) ચેમ્બુરમાં સીનીયર ટેકનીશ્યન,** છુટાછેડાવાળા જ્ઞાતિ યુવકને યોગ્ય, શિક્ષિત, ચાલીસ વર્ષ સુધીની છુટાછેડા અથવા વૈધવ્ય વાળી યુવતીઓના પાલકો / યુવતીઓ પાસેથી સંપૂર્ણ બાયોડેટા-ફોન- ઈમેલ વગેરે વિગતો સાથે લગ્ન પ્રપોઝલ આવકારે છે. વિગતો સાથે સંપર્ક માટે વિનંતીઃ-

(૧) જયાબેન દેસાઈ- **૦૨૨-૨૫૨૯૩૪૪૪**
(૨) નિમિષ દેસાઈ ૦૯૩૨૦૦૫૦૦૧૧(મુંબઈ)
ઈમેલ : nishud@yahoo.com

## શતકવીર સંસ્થા શ્રી ગોધા ભાવનગર વ.ના. જ્ઞાતિ હિતાર્થ ફંડ

સંસ્થા સ્થાપવી તેના કરતાં તેને ગતિમાન રાખવી અને તે પણ ૧૦૦ વર્ષ સુધી પ્રગતિ સાથે, જ્ઞાતિના હિતાર્થની પ્રવૃતિ કરતી સંસ્થા માટે તો ઘણી જ કપરી કામગીરી છે. પરંતુ જ્ઞાતિ માટે અને ભાવેણાઓ માટે વિશેષ ખુશીની વાત છે કે સંવત ૧૯૬૭(સને ૧૯૧૧) ના વર્ષમાં રૂા. ૨૭,૮૦૦ ના ભંડોળથી જ્ઞાતિની નિરાધાર, વિધવા બહેનોને આર્થિક સહાય તથા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાયના ઉમદા ઉદેશ્યોથી સ્થપાયેલ શ્રી ગોધા ભાવનગર વ.ના. જ્ઞાતિ હિતાર્થ ફંડ ૧૦૦ વર્ષ પૂર્ણ કરે છે જે બદલ તે સમયના દીર્ઘદ્રષ્ટા મહાનુભાવો વંદનના અને આજ સુધી સંસ્થાને ગતિમાન રાખનાર સેવાભાવી જ્ઞાતિબંધુઓ ધન્યવાદના અધિકારી છે.

સંસ્થાના પરિપત્રમાં દર્શાવ્યા મુજબ આજથી ૫૦ વર્ષ પહેલા એટલે કે તા. ૩૧-૩ ૬૧ ના રોજ સ્થાયી ફંડ રૂા. ૯૦,૫૦૦ હતું જે ૩૧-૩-૨૦૧૧ ના રોજ ૬,૦૯,૫૦૦ થયેલ. તેવી જ રીતે ખાસ ફંડો, ૬૬,૫૦૦ માંથી ૪,૧૬,૦૨૫ રોકાણો ૧,૫૭,૦૦૦ માંથી ૧૨ લાખ, વિધવા સહાય ૧૪૧૮ માંથી ૧૫,૩૦૦, વિદ્યાર્થી સહાય ૧૮૫૦ માંથી ૧૭૩૨૫ થયેલ છે. ૧૯૯૯ થી ચુકવાતી વિધવા સહાયની રકમ માસિક રૂા. ૩૦૦ માંથી તા. ૧-૪-૧૧ થી રૂા. ૫૦૦ કરવામાં આવેલ છે.

આ શતાબ્દિ વર્ષના સંભારણા રૂપે સંસ્થાના આદ્યસ્થાપકો, ટ્રસ્ટીઓ, પેટ્રનો વ્યવસ્થાપક મંડળના સભ્યોની વિગતો ઉપરાંત ભાવનગર, બહારગામ તથા વિદેશમાં વસતા ગોધા-ભાવનગર વડનગરા જ્ઞાતિજનોની ડીરેકટરી પ્રસિધ્ધ કરવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે. સૌને તન,મન,ધનથી સક્રિય રીતે સહભાગી થવા અપીલ કરાયેલ છે.

પારદર્શી વ્યવહાર- વહીવટ સાથે જ્ઞાતિનો વિશ્વાસ સંપાદિત કરી સંસ્થા જ્ઞાતિ હિતાર્થની પ્રવૃતિઓમા આગેકૂચ કરતી રહે તેવી શુભકામના સહ અભિનંદન આપીએ.

## અ. ભા. નાગર પરિષદ - જુનાગઢ

સંસ્થાના નેજા હેઠળ જુનાગઢથી ભુજ માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર વગેરે સ્થળોનો તા. ૨૭ તથા ૨૮ ઓગષ્ટના બે દિવસીય પ્રવાસ યોજાઈ ગયો. જેમાં ૪૦ જ્ઞાતિબંધુઓ જોડાયા હતા. જુનાગઢથી સવારે ૬ વાગ્યે પ્રસ્થાન કર્યા બાદ સાંજે ૪ કલાકે ભુજ પહોંચતા હાટકેશ કોમ્પ્લેક્ષમાં પ્રવાસીઓનું ઉમળકાભેર સ્વાગત કરી ચા-નાસ્તો કરેલ.આ તકે ભુજના નાગર પરિવારોની એકતાનો પરિચય થયો હતો.ભુજ થી માતાના મઢ રાત્રે આઠ વાગ્યે પહોંચીને આરતી, દર્શન, પ્રસાદીનો લાભ લઈ રાત્રી રોકાણ કરી તા ૨૮-૮ના રોજ કોટેશ્વર જવા નીકળેલ, જયાં અલૌકિક અને નયનરમ્ય નારાયણ સરોવરની મુલાકાત લીધેલ. વળતાં રસ્તામાં સૌને ભુજ અને ભચાઉ વચ્ચે આવેલ 'સાંઈ ધામ' ના દર્શનન લાભ મળેલ. રસ્તામાં વાવાઝોડાનો પણ અનુભવ જોવા મળ્યો હતો. રાત્રે ૧૨ વાગ્યે રાજકોટ અને દોઢ વાગ્યે સૌ સુખરૂપ પરત આવી ગયેલ.

શ્રી પૂર્ણિમાબેન માંકડ, ઈન્દ્રેશભાઈ વૈષ્ણવ,ભાવનાબેન વૈષ્ણવ તેમજ શાખા પ્રમુખશ્રી ઋષિભાઈ બુચની જહેમતથી આયોજન સફળ બની રહેલ.